## જનતા જનાર્દનનાં પૈસાથી બનેલ માર્ગથી સુવિધાને બદલે પરેશાની વધી

# ધરાઈ–મોણપુર માર્ગનું નવિનીકરણ થયા બાદ અકસ્માતનો ખતરો

**વાહનચાલકોની અવારનવાર રજૂઆત બાદ માર્ગ તો બનાવવામાં આવ્યો પણ પરેશાની વધી**

**માર્ગની બાજુમાં માટી પુરાણ કે લેવલ કરવામાં ન આવતાં માર્ગ ઊંચો બન્યો**

**કોઈ વાહનચાલક સાઈડ આપવા વાહન નીચે ઉતારે તો અકસ્માતનો ખતરો**

**માર્ગ–મકાન વિભાગ દ્વારા માર્ગ બનાવવામાં જે ઊણપ રહી ગઈ હોય તે દૂર કરે તેવી માંગ**





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૧

બાબરા તાલુકાના ધરાઈથી મોણપુર ગામને જોડતા માર્ગ માટે ગ્રામજનોએ વર્ષો સુધી રજૂઆતો કરી હતી જેના પરિણામે લાંબા સમયની માંગણી બાદ આખરે નવો પેવર રોડ બનાવવામાં આવ્યો છે. જોકે, આ નવો માર્ગ સુવિધા લાવવાને બદલે હાલ વાહનચાલકો માટે ચિંતાનો વિષય બન્યો છે. કારણ કે રોડની બંને બાજુએ ડામરનો ઊંચો દળ (થર) એમનેમ રાખી દેવામાં આવ્યો છે. રોડની સાઈડમાં યોગ્ય માટી પુરાણ કે લેવલિંગ કરવામાં ન આવતા રસ્તો ઘણો ઊંચો થઈ ગયો છે જેના કારણે ખાસ કરીને ટુ–વ્હીલર અને નાના વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. જયારે સામેથી કોઈ મોટું વાહન આવતું હોય ત્યારે તેને સાઈડ આપવા માટે વાહન નીચે ઉતારતી વખતે ઊંચા ડામરના કાપાને કારણે ટાયર સ્લિપ થવાની અને વાહન પલટી જવાની પૂરેપૂરી ભીતિ રહે છે. રાત્રિના સમયે આ જોખમ બેવડાઈ જાય છે કારણ કે અંધારામાં રોડની ધારનો ચોક્કસ અંદાજ આવતો નથી જે સીધું જ અકસ્માતને આમંત્રણ આપી રહ્યું છે. હાલ આ વિસ્તારના લોકોમાં એવો રોષ જોવા મળી રહ્યો છે કે કરોડોના ખર્ચે રોડ તો બન્યો પણ તંત્રની બેદરકારીને કારણે તે જોખમી સાબિત થઈ રહ્યો છે. આથી, ધરાઈ–મોણપુર માર્ગની બંને બાજુની સાઈડને તાત્કાલિક ધોરણે યોગ્ય રીતે પૂરીને સમથળ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે જેથી કોઈ નિર્દોષ વાહનચાલકનો ભોગ ન લેવાય.

## ૨૭ વર્ષ પહેલા ગુન્હો કરી નાસતા–ફરતા હોય

# સાવરકુંડલા નાગરિક સહકારી બેન્ક સાથે છેતરપીંડી કરનાર આરોપીની અટકાયત

**પોલીસ અધિક્ષકની સુચનાથી પેરોલ સ્કવોર્ડ અને ક્રાઈમ બ્રાન્ચની કામગીરી**



અમરેલી, તા. ૨૧

સાવરકુંડલા નાગરીક સહકારી બેંકમાં સને ૧૯૯૦માં આરોપી કિશોરભાઈ દેવજીભાઈ મહેતા (રહે. વાંકાનેર વાળા) બેંક મેનેજર તરીકે ફરજ પર હતા દરમ્યાન આરોપી મેનેજરે બેંકની ચેક બુક પોતાના હવાલામાં હોય તે ચેક બુકમાંથી બે ચેક પોતાની પત્ની મીનાક્ષીબેન કિશોરભાઈ મહેતાના નામના બનાવી અને પોતાની બેંક મેનેજર તરીકેની સહી અને એકાઉન્ટન્ટ અીનકુમાર દવેની આરોપીએ પોતે જ બનાવટી સહી કરી છળકપટથી રૂપિયા ૩ લાખ મેળવી લીધેલ હતાં. અને સને ૧૯૯૦માં જ આરોપી મેનેજરે બેંકમાંથી રાજીનામુ આપી નીકળી ગયેલ હતાં.

આ બનાવમાં આરોપી કિશોરભાઈ મહેતા તથા તેમના પત્ની મીનાક્ષીબેન બંનેએ સાવરકુંડલા નાગરીક સહકારી બેંકના રૂપિયા ૩૦૦૦૦ની કિંમતના ચેકો વિજય કોમર્શીયલ કો–ઓપરેટીવ બેંક લીમીટેડ રાજકોટ ખાતે મીનાક્ષીબેનના બેંક એકાઉન્ટમા જમા કરાવરાવી રૂપિયા ૩૦૦૦૦ની ઉચાપત કરેલ હતી. જે બાબતેની હકીકત સાવરકુંડલા નાગરીક સહકારી બેંકના મેનેજર અીનકુમાર દવેને સને ૧૯૯૮માં ધ્યાન ઉપર આવતા તેમણે આરોપી સામે સાવરકુંડલા કોર્ટમાં આરોપીઓ વિરૂધ્ધ આઈ.પી.સી. ક. ૪૨૦, ૪૦૯, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબની ફરીયાદ નોંધાવેલ હતી.

સદરહું કેસના બંને આરોપી ગુન્હો કર્યા બાદ પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસતા ફરતા હોય અને અલગ અલગ શહેરોમાં નાસતા ભાગતા હોય જેઓને શોધી કાઢવા સારૂ અત્રેના જિલ્લાની એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કોડની અલગ અલગ ટીમો બનાવી મજકુર બંને આરોપીઓ બાબતે છેલ્લા બે માસથી વાંકાનેર, બોટાદ, અમદાવાદ, સાણંદ તથા પાલીતાણા શહેરો ખાતે આરોપીઓના સગા–સંબંધીઓની તપાસ તજવીજ કરેલ અને બંને આરોપીઓ બાબતે હકીકત મેળવવામાં આવેલ બંને આરોપીઓ પાલીતાણા ખાતે અલગ–અલગ જૈન ધર્મશાળાઓમાં રહેતા હોવાની સચોટ માહિતી મળતા ગત કાલ તા. ૨૦/૧/૨૬ના રોજ પેરોલ ટીમ દ્વારા પાલીતાણા ખાતે જઈ અલગ અલગ જૈન ધર્મશાળાઓમાં તપાસ તજવીજ કરી આરોપી કિશોરભાઈ દેવજીભાઈ મહેતા (ઉવ–૭૮ રહે. વાંકાનેર), રહે હાલ પાલીતાણા, તળેટી વિસ્તારમાં, સાંઈબાબા મંદિર પાસે એક ભાડાના મકાનમાં રહેતા હોય ત્યાંથી શોધી કાઢી તેમજ બીજા આરોપી મીનાક્ષીબેન બાબતે પુછપરણ કરતા તપાસ કરતા મીનાક્ષીબેન સને ૨૦૨૩ મા પાલીતાણા ખાતે જ મરણ ગયેલ હોવાનુ જણાઈ આવેલ હતું. જેનુ મરણ પ્રમાણપત્ર મેળવવામાં આવેલ છે અને બંને આરોપીની ઓળખ માટે જરૂરી આધાર પુરાવાની નકલો મેળવેલ છે. આમ જિલ્લાની એલસીબી તથા પેરોલ ફર્લો ટીમ દ્વારા જિલ્લામા ૩૫ વર્ષ પહેલા ખોટા દસ્તાવેજી પુરાવા ઉભા કરી બેંક સાથે છેતરપીંડી કરેલ હતી. આરોપીઓ જે છેલ્લા ૨૭ વર્ષથી નાસતા ફરતા આરોપીને ખુબ ખંત પુર્વક મહેનત કરી પકડી પાડેલ છે.

## એક ગુન્હામાં ઝડપાયેલ આરોપી સામે 'પાસા' ન કરવા અંતર્ગત

# જાફરાબાદ મરિન પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ અને પોલીસકર્મી વતી લાંચ માંગનાર વચેટિયાની અટકાયત

**એસીબીએ ૩ લાખની લાંચ લેતા વચેટિયાને ઝડપી લીધો**



જાફરાબાદ, તા. ૨૧

જાફરાબાદ મરિન પોલીસ સ્ટેશનનાં વિસ્તારમાં એક ગુન્હામાં ઝડપાયેલ આરોપી સામે 'પાસા' હેઠળ કાર્યવાહી ન કરવા માટે પીએસઆઈ અને પોલીસકર્મી વતી રૂપિયા ૩ લાખની લાંચ લેતા વચેટિયાના આરીફઅલી રવજાણીનસ એસીબીએ રંગે હાથ ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવ બાદ પીએસઆઈ આર.એમ. રાધનપરા અને પોલીસ કર્મી આશિષસિંહ જાલા ફરાર થયાનું જાણવા મળેલ છે.

## ૨૦ જુલાઈ ૨૦૨૩નાં રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયા બાદ

# અમરેલીની ચીફ ચીફ જયુડિશ્યલ કોર્ટે સાયબર ફ્રોડ કેસમાં સમગ્ર રાજયમાં પ્રથમ વખત નાઈજીરીયન મહિલા આરોપીને ૭ વર્ષની સજા અને ૧૦ હજારનો દંડ ફટકાર્યો

**તપાસનીશ પોલીસ અધિકારી ડી.કે. વાઘેલા, એ.એમ. પરમાર, ડી.વી. પ્રસાદ, વી.એમ. કોલાદરા અને કુસુમ એમ. પરમારે કામગીરી કરી હતી**

અમરેલી, તા. ૨૧

અમરેલીના સાવરકુંડલા ગામે રહેતાં એક યુવક સાથે અવાર નવાર ફોનના મેસેજમાં વાતો કરી આ વ્યક્તિને વિશ્વાસમાં લઈ તેમને મોટી રકમની ગીફટની લાલચ આપી બાદમાં આ ગીફટ દિલ્હી એરપોર્ટ ઉપર આવી ગયેલ છે. જે છોડાવવા માટે તેનો ચાર્જ ચુકવવો પડશે. તેમ કહી આ નાઈઝીરીયાની મહિલાએ કુલ રૂા. ૧૪,૦૯,૦૦૦ નો ફ્રોડ કરેલ હતો.

ગત તા. ૨૦/૭/૨૩ના રોજ અજાણ્યા મોબાઈલના ધારક તથા ઉપયોગ કરનાર કોઈ અજાણ્યા ઈસમે ભોગવનાર સાવરકુંડલા ગામે રહેતાં પિયુષભાઈ ઠુંમર સાથે અવાર નવાર ફોનના મેસેજમાં વાતો કરી આ વ્યક્તિને વિશ્વાસમાં લઈ તેમને મોટી રકમની ગીફટની લાલચ આપી બાદમાં આ ગીફટ દિલ્હી એરપોર્ટ ઉપર આવી ગયેલ છે. જે છોડાવવા માટે તેનો ચાર્જ ચુકવવો પડશે. તેમ આ વ્યક્તિને અવાર નવાર ફોન તથા ટેકસ મેસેજ કરી તેમજ આ ભોગ બનનાર વ્યક્તિને કુરીયર કંપની તથા ઈન્કમટેકસ ડીપાર્ટમેન્ટનો ટેકસ તેમજ કસ્ટમ ડ્યુટીનો ચાર્જ ભરવો પડશે તેમ જણાવી આ ગીફટનું પાર્સલ છોડાવવા માટે ભોગ બનનારના એસ.બી.આઈ. એકાઉન્ટમાંથી અલગ અલગ ટ્રાન્જેકશન દ્વારા કુલ રૂા. ૧૪,૦૯,૦૦૦ બદદાનતથી મેળવી લઈ ભોગ બનનારનો વિશ્વાસ સંપાદન કરી વિશ્વાસઘાત અને ઠગાઈ કરી કરેલ જે બનાવ અંગે આ અજાણ્યા મોબાઈલ ફોન ધારક સામે ભારતીય ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧ તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(ડી) મુજબના ગુનાની ફરીયાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ હતી. જે અંગે સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના આ કેસમાં તપાસ કરનાર પોલીસ ઈન્સ્પે. ડી.કે. વાઘેલા, એ.એમ. પરમાર, ડી.વી. પ્રસાદ, વી.એમ. કોલાદરા, કુસુમ એમ. પરમાર ધ્વારા આ ગુન્હાની તપાસ હાથ ધરેલી હતી.

આ કેસમાં આરોપીએ ડિજિટલ માધ્યમો/ઓનલાઈન પ્લેટફોર્મનો ઉપયોગ કરી રૂપિયા ૧૪,૦૯,૦૦૦ લાખ જેવી મોટી રકમનો (Cyber Fraud) કર્યાનું સરકાર પક્ષ ધ્વારા મજબૂત રીતે સાબિત કરવામાં આવ્યું હતું. કેસ દરમ્યાન રજૂ કરાયેલા ડિજિટલ પુરાવા, દસ્તાવેજી સાક્ષીઓ અને પરિસ્થિતિજન્ય તથ્યો પરથી આરોપીનો ગુનો પુરવાર થયો હતો.

આ બનવાનાં ચકચારી કેસમાં સરકાર પક્ષ તરફથી એ.પી.પી. જી.આર. ભાટકીયા ધ્વારા અદાલત સમક્ષ કેસની અસરકારક રીતે ડિજિટલ પુરાવાઓની કોર્ટમાં ગ્રાહ્યતા અને ટેકનોલોજી આધારિત રજૂઆત કરવામાં આવી હતી. આ બનાવમાં અદાલતે નોંધ્યું હતું કે, આરોપી ધ્વારા ટેકનોલોજીનો દુરૂપયોગ કરીને કરાયેલ છેતરપિંડી ગંભીર Cyber Crimeના સ્વરૂપમાં આવે છે.

આ અંગેનો કેસ અમરેલીના ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ એસ.આર. વકાલિયા સમક્ષ ચાલી જતાં આ ચર્ચાસ્પદ Veronice Andrew Cyber Fruad કેસમાં મહિલા આરોપી નાઈઝીરીયાની અનીકા લેથોબ્ડને આઈ.પી.સી. કલમ ૪૨૦માં ૭ વર્ષની સાદી કેદની સજા અને રૂપિયા ૩૦૦૦નો દંડ તેમજ કલમ ૪૬૭ માં ૨ વર્ષની સાદી કેદની સજા અને રૂપિયા ૨૦૦૦ નો દંડ તથા કલમ ૪૬૮માં ૧ વર્ષની સાદી કેદની સજા અને રૂપિયા ૧૦૦૦નો દંડ તથા કલમ–૪૭૧માં ૧ વષની સાદી કેદની સજા અને રૂપિયા ૧૦૦૦નો દંડ તથા IT Actની કલમ–૬૬ડી માં ૩ વર્ષની સાદી કેદની સજા અને રૂપિયા ૩૦૦૦નો દંડ કરવામાં આવેલ છે અને દંડના ભરે તો વધુ ૧ માસની સાદી સજાનો હુકમ કરવામાં આવેલ છે.

આ ચુકાદામાં અદાલતે સ્પષ્ટ કર્યુ કે Cyber Fraud જેવા ગુનાઓ વધતા જતા હોવાથી આવા ગુનાઓ સામે કાયદાની કડક કાર્યવાહી અનિવાર્ય છે, જેથી સમાજમાં ડિજિટલ લેવડદેવડ પ્રત્યેનો વિશ્વાસ જળવાઈ રહે.

આ ગુન્હાની સાઈબર ક્રાઈમ પોલીસ અમરેલી ધ્વારા સચોટ તપાસ કરવામાં આવેલ અને ડિજિટલ પુરાવાઓ મેળવવામાં આવેલ હતાં. અને મહિલા આરોપીની ગુરૂગ્રામ હરિયાણાથી ધરપકડ કરવામાં આવેલ અને કોર્ટમાં સરકાર પક્ષે એ.પી.પી ધ્વારા સફળ પ્રોસિકયુશન કરેલ છે. ત્યારે આ ચુકાદોએ ન્યાય તંત્રની દ્રઢ ભૂમિકા દર્શાવે છે. તથા ભવિષ્યમાં આવા ગુનાઓ કરનારાઓ માટે કડક ચેતવણી રૂપ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## સાંસદ ભરત સુતરીયાને આવેદનપત્ર પાઠવાયુ

# અમરેલીનાં મિશન બ્રોડગેજ સમિતિ દ્વારા લાંબા અંતરની રેલ્વે સેવા શરૂ કરવા માંગ

**લાઠી રોડ પર ઓવરબ્રિજનું કામ શરૂ કરવા રજૂઆત**



અમરેલી, તા. ૨૧

અમરેલી ખાતે છેલ્લા ઘણાં જ સમયથી બ્રોડગેજની કામગીરી ચાલી રહી છે અને હવે તે કામગીરી અંતિમ તબક્કામાં પહોંચી છે. જેને લઈ કામગીરી પૂરી થાય તે પછી તુરંત અમરેલીને નવી ટ્રેનો ફાળવવામાં આવે તે માટે રેલ્વે વિભાગ પાસે જરૂરી ટ્રેનોની મંજૂરીની મેળવવાની પ્રક્રિયા અગાઉથી જ શરૂ થઈ જાય તે માટે તથા અમરેલી શહેરમાં આવેલ લાઠી રોડ પર આવેલ રેલ્વે ફાટક ઉપર લાંબા સમયથી રેલ્વેનો ઓવર બ્રિજ મંજૂર થયો છે. કામગીરી પણ શરૂ થતી જ નથી તે તાત્કાલીક શરૂ કરવા સહિતના મુદે આજે મિશન બ્રોડગેજ સમિતિ દ્વારા અમરેલીના સાંસદને આવેદનપત્ર પાઠવીને જોરદાર રજુઆત કરવામાં આવી છે.

અમરેલી મિશન બ્રોડગેજ સમિતિ દ્વારા સાંસદ ભરત સુતરીયાને આવેદનપત્ર પાઠવીને કરવામાં આવેલી લેખિત રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, અમરેલીમાં બ્રોડગેજની કામગીરી આગામી થોડા સમયમાં પૂરી થવામાં છે અને આ ચાલું વર્ષમાં જ અમરેલીથી ખીજડીયા સુધીની બ્રોડગેજ રેલ્વે લાઈન ચાલુ કરી શકાય તેમ છે. પણ હજુ સુધી અમરેલીમાંથી કયા કયા શહેરો માટે ટ્રેન ચાલુ થશે તેની કોઈ જ જાહેરાત કરવામાં નથી.

અમરેલીથી અમદાવાદ, સુરત, મુંબઈ, દિલ્હી અને હરિદ્વાર માટે લાંબા રૂટની ટ્રેન શરૂ કરવાં સૌથી વધારે માંગ ઉભી થવા પામેલ છે. જેથી આ મુદ્દે અમરેલીના સાસંદ રેલ્વે વિભાગમાં તાત્કાલીક રજૂઆત કરી અને અમરેલીના બ્રોડગેજ માટે લાંબા અંતરની ટ્રેનો મંજુર કરાવવા આવેદનપત્રમાં માંગણી કરવામાં આવી છે. અમરેલી શહેરમાં હાલમાં ચાલતી અંડર બ્રિજની કામગીરી મોટા ભાગની પૂરી થવામાં છે. પરંતુ અમરેલીના લાઠી રોડ રેલ્વે ફાટક ઉપર મંજૂર થયેલા ઓવર બ્રિજની કામગીરી હજુ પણ અધરતાલ છે. આ કામગીરી શરૂ કરવામાં આવી જ નથી. આ ઓવરબ્રિજની કામગીરી તાત્કાલીક શરૂ થાય અને સમયસર પૂરી થાય તે માટે પણ આવેદનપત્રમાં માંગણી કરવામાં આવી છે.

આ ઉપરાંત અમરેલી જિલ્લામાંથી લોકો રાત્રે અમદાવાદ જઈ શકે અને અમદાવાદથી પરત આવી શકે તે રીતે રાત્રીની એક પણ ટ્રેન નથી અથવા અમરેલીથી સવારે અમદાવાદ જઈ શકાય અને ત્યાંથી રાત્રે બેસીને સવારે અમરેલી આવી શકાય તે રીતે અમદાવાદની ટ્રેનો શરૂ કરવાની માંગણી કરાઈ છે.

આ મુદ્દે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાએ હકારાત્મક પ્રતિસાદ આપતા કહ્યું કે આગામી રેલ્વે અધિકારીઓની મીટીંગમાં કે દિલ્હી જવાનું થાય ત્યારે અમરેલી માટે જે જે ટ્રેનની માંગણીઓ છે તે તાત્કાલીક મંજૂર કરવા માટે માંગણી કરવામાં આવશે. અમરેલીમાં માર્ચ સુધીમાં બ્રોડગેજનું કામ પૂરૂં કરવા રેલ્વે તત્પર છે પણ થોડું મોડું પણ થઈ શકે છે. અન્ય મુદ્દાઓ બાબતે પણ યોગ્ય રજૂઆત રેલ્વે સુધીપહોંચાડવા માટેની ખાતરી આપી હતી.

હાલ અમરેલી જિલ્લાના કુંકાવાવ, ચિત્તલ, લાઠી સહિતના વિસ્તારમાંથી બ્રોડગેજ રેલ્વે લાઈન પસાર થાય છે. આ ઢસા–જેતલસર બ્રોડગેજ ટ્રેક બન્યાને ઘણો સમય થઈ ગયો છે પણ હજુ સુધી સુરત, અમદાવાદ, મુંબઈ સહિતનાં લાંબા રૂટની એકપણ ટ્રેન શરૂ કરવામાં આવી નથી. આ રેલ્વે લાઈનમાં સુરત, અમદાવાદ, મુંબઈની લાંબાં અંતરની ટ્રેન આપવા માંગણી કરવામાં આવી છે.

## રેતી ચોરીનાં દુષણને ડામવા પોલીસે લાલ આંખ કરી

# લીલીયા પોલીસે રેતી ચોરી કરતાં ૨ ડમ્પરને ઝડપી લીધા

**પોલીસ અધિક્ષકે ખનિજ ચોરી અટકાવવા સુચના અને માર્ગદર્શન આપતાં સ્થાનિક પોલીસનો સપાટો**

**પોલીસે આ અંગે ખાણ-ખનિજ વિભાગને જાણ કરતાં કાર્યવાહી શરૂ**

**સમગ્ર પંથકમાં ખનિજ ચોરી કરતાં તત્વોમાં ફફડાટનો માહોલ ફેલાયો**

**રેતી ચોરીનાં દુષણને ડામવા માટે ખાણ-ખનિજ અને પોલીસ વિભાગ સતત સક્રીય**



અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લામાં ખનિજ માફિયા બેફામ બન્યાં હોય રાત દિવસ ખનિજ ચોરીની પ્રવૃત્તિ ચાલતી હોય. ત્યારે લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ. તથા તેમની ટીમ દ્વારા ખનિજ ચોરી અટકાવવા માટે થઈ લીલીયા તાલુકાના સલડી ગામેથી રેતી ભરેલા બે ડમ્પરો ઝડપી પાડયા હતાં. જેને લઈ ખનિજ ચોરી કરતાં શખ્સોમાં ફફડાટ ફેલાયો છે.

લીલીયા પંથકમાં ખનિજ ચોરીને લઈ અગાઉ રાજકારણ ગરમાયું હતું. જેમાં પોલીસ અને એક રાજકીય અગ્રણી સામ સામે આવ્યાં હતાં. ત્યારે અમરેલીના પોલીસ અધિક્ષક એસ.પી. સંજય ખરાતની સૂચના અને માર્ગદર્શન અન્વયે ખનિજ ચોરી અટકાવવા કડક કાર્યવાહી કરવા માટે લીલીયા પોલીસને જરૂરી સુચના આપેલ હતી.

લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.ડી સાળુંકે દ્વારા આજે વ્હેલી સવારે લીલીયા તાલુકાના સલડી ગામેથી અનઅધિકૃત ગેરકાયદેસર લીઝ અથવા રોયલ્ટી પાસ પરમીટ વગરના ખનિજ ચોરી થતી હોવાની બાતમી મળતાં લીલીયા પોલીસ દોડી ગઈ હતી અને બે ડમ્પર વાહનો નંબર જી.જે.-૧૩ એટી-૦૬૦૫ તેમજ જી.જે.-૦૯ એકસ-૭૪૩૩ વાહનોને ઝડપી લઈ આ અંગે ખાણ ખનિજ વિભાગને જાણ કરવામાં આવતાં આગળની તપાસ અને દંડ ભરવા અંગેની કાર્યવાહી ખાણ ખનિજ વિભાગે કરતા આ વિસ્તારમાં ખનિજ ચોરી કરતા ખનિજ માફિયાઓમાં ફફડાટ મચી જવા પામેલ છે.


**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241


### એક ગંગા... એક તિરંગા...નાં નાદ સાથે

## બાબરા ખાતે પંચશીલ સ્કૂલ દ્વારા ૭૭માં પ્રજાસત્તાક પર્વની કરાશે ઉજવણી

**વિવિધ સ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓનું કરાશે સન્માન**

બાબરા, તા. ૨૧

વિદ્યાર્થીઓમાં પૂર્ણતાના પ્રગટીકરણ સાથે આત્મવિસ અને ધ્યેય તરફ આગળ વધવાની પ્રેરણા પૂરી પાડવાના શુભ આશયથી બાબરાની નામાંકિત શૈક્ષણિક સંસ્થા પંચશીલ સ્કૂલ દ્વારા આગામી ૨૬મી જાન્યુઆરીના પવિત્ર અવસરે 'એક ગંગા...એક તિરંગા...' કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ ભવ્ય ઉજવણીના ભાગરૂપે તારીખ ૨૬/૧/૨૦૨૬, સોમવારના રોજ સવારે ૮:૦૦ કલાકે શાળાના આંગણે મેનેજિંગ ડિરેકટર રમેશભાઈ ગોલેતરના હસ્તે શાનદાર ધ્વજ વંદન કરવામાં આવશે અને ત્યારબાદ કાર્યક્રમની વિધિવત શરૂઆત દીપ પ્રાગટ્ય અને સ્વાગત ગીતથી થશે.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા આચાર્ય સંઘના ઉપપ્રમુખ અને કયુડીસી કન્વીનર હરેશભાઈ વડાવિયા તેમજ બાબરાના ટીપીઈઓ સોનિયાબેન કોટડીયા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવશે. જયારે ઉદ્‌ઘાટક તરીકે રમેશભાઈ ગોલેતર, બાબરા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર અને અન્ય મંચસ્થ મહાનુભાવો ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ આકર્ષક સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવશે અને સાથે જ રાજયકક્ષાએ રમતગમત તેમજ શિક્ષણ ક્ષેત્રે ઝળકેલા તેજસ્વી તારલાઓનું વિશેષ સન્માન તથા ઈનામ વિતરણ કરવામાં આવશે. બાબરા પંથકમાં શ્રેષ્ઠ પરિણામ અને શિસ્તબદ્ધ શિક્ષણ માટે જાણીતી પંચશીલ સ્કૂલના આ આયોજનને સફળ બનાવવા માટે મેનેજિંગ ડિરેકટર રમેશભાઈ ગોલેતર સહિત સંચાલક મંડળના સભ્યો હિતેશભાઈ કવા, ભરતભાઈ ધકાણ, અરવિંદભાઈ ધોળકિયા, મહેશભાઈ કોરાટ અને સમગ્ર શાળા પરિવાર જહેમત ઉઠાવી રહ્યો છે.


## લીલીયા મોટા : આગામી મંગળવારે સાયબર ક્રાઈમ ઉપર રાષ્ટ્રીય કક્ષાનો સેમિનાર યોજાશે

લીલીયા મોટા, તા. ૨૧

લીલીયા મોટા સરકારી વિનિયન અને વાણિજય કોલેજ ખાતે તા. ૨૭ને મંગળવારે સાયબર ક્રાઈમની સમસ્યા, ફેલાવો પ્રકારો અને સમાધાન પર દેશવિદેશથી મહેમાનો પધારશે. જેમાં એસ.પી. અમરેલી , ડો. સુભાષ ઓડેદરા સાયબર એકસપર્ટ, ગુન્હાઓના ઈતિહાસ વિશે ડો. મનીષા પરમાર જાણીતા ઈતિહાસકાર વગેરે પોતાના વિદ્વત વકવ્ય આપશે. ગુજરાત સરકારના કેસીજી તેમજ સરકારી કોલેજ લીલીયાના સંયુકત ઉપક્રમે એક ભવ્ય રાષ્ટ્રીય કક્ષાના સેમિનારનું આયોજન કરેલ છે જેનો વિષય છે સાઈબર ક્રાઈમ અને સમાજ જેમાં આપણા વિસ્તારમાં આ સેમિનારમાં દેશ વિદેશમાંથી વિદ્વાનો આવી અને પોતાના મંતવ્યો રજૂ કરશે. આ લ્હાવો એક લીલીયા માટે સૌ પ્રથમવાર લેવા માટે સૌને અનુરોધ લીલીયા કોલેજના પ્રિન્સિપાલ ડો. રાજેન્દ્રસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવેલ છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.











**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

**શ્રીનાથજી કોમ્પ્યુટર્સ** ૧૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦





















### અરવલ્લીના રક્ષણ મુદ્દે સુપ્રીમ કોર્ટના કડક નિર્દેશ

# અરવલ્લીમાં ખનન તાત્કાલિક બંધ કરાવો, તપાસ માટે નિષ્ણાત સમિતિ બનાવો

## જો અરવલ્લીમાં ગેરકાયદે ખનન તાત્કાલિક બંધ કરવામાં નહીં આવે, તો પર્યાવરણને એવું નુકસાન થશે જે ક્યારેય ભરપાઈ કરી શકાશે નહીં: સુપ્રીમ

નવી દિલ્હી, તા.૨૧

અરવલ્લી પર્વતમાળામાં ચાલી રહેલી ગેરકાયદે પ્રવૃત્તિઓ અંગે સુપ્રીમ કોર્ટે આજે ગંભીર ચિંતા વ્યકત કરી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો અરવલ્લીમાં ગેરકાયદે ખનન તાત્કાલિક બંધ કરવામાં નહીં આવે, તો પર્યાવરણને એવું નુકસાન થશે જે ક્યારેય ભરપાઈ કરી શકાશે નહીં.

સુપ્રીમ કોર્ટે રાજસ્થાન સહિતના સંબંધિત રાજ્યોને કડક સૂચના આપી છે કે, અરવલ્લી ક્ષેત્રમાં કોઈ પણ પ્રકારનું ખનન ન થાય તે સુનિશ્ચિત કરવામાં આવે. સુનાવણી દરમિયાન રાજસ્થાન સરકારે કોર્ટને ખાતરી આપી હતી કે, રાજ્યમાં કોઈ પણ ગેરકાયદે ખનન ચલાવી લેવામાં આવશે નહીં અને અરવલ્લીમાં આવી પ્રવૃત્તિઓને રોકવા માટે તાત્કાલિક પગલાં ભરવામાં આવશે.

અરવલ્લીમાં ખનન અને તેને લગતા પ્રશ્નોની ઊંડી તપાસ કરવા માટે સુપ્રીમ કોર્ટે એક સ્પેશિયલ એક્સપર્ટ કમિટી બનાવવાનો નિર્ણય લીધો છે. કોર્ટે એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટી અને એમિકસ ક્યુરી કે. પરમેશ્વરને ચાર અઠવાડિયામાં એવા પર્યાવરણવિદો અને વૈજ્ઞાનિકોના નામ સૂચવવા કહ્યું છે, જેઓ ખનન ક્ષેત્રના નિષ્ણાત હોય. આ સમિતિ સીધી સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ કામ કરશે.

અગાઉ ૨૦ નવેમ્બરના આદેશમાં અરવલ્લી પર્વતમાળાની એક સમાન વ્યાખ્યા સ્વીકારવામાં આવી હતી, જેના પર વિવાદ સર્જાતા કોર્ટે સ્ટે આપ્યો હતો. આજે કોર્ટે આ સ્ટેની મુદત લંબાવી દીધી છે. વરિષ્ઠ એડવોકેટ કપિલ સિબ્બલે દલીલ કરી હતી કે, પર્વતોને ચોક્કસ વ્યાખ્યામાં બાંધી શકાય નહીં, કારણ કે ત્યાં સતત ભૌગોલિક ફેરફારો થતા રહે છે.

ચીફ જસ્ટિસે કહ્યું કે, 'ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે કડક હાથે કામ લેવામાં આવશે. આ એક સ્પષ્ટ ગુનો છે અને તેના માટે સજા થશે.' કોર્ટે એમ પણ ઉમેર્યું કે, હવે આ મામલે વારંવાર નવી અરજીઓ કરીને મુખ્ય મુદ્દા પરથી ધ્યાન ભટકાવવું જોઈએ નહીં. હવે આ મામલે આગામી સુનાવણી ચાર અઠવાડિયા પછી હાથ ધરવામાં આવશે.

### સંત સમાજની પ્રતિક્રિયા આવી

# માઘ મેળામાં શંકરાચાર્ય સાથે મારપીટ કરવી ખોટી વાત

## પૂજ્ય શંકરાચાર્યને પગપાળા ચાલીને ૫૦ ફૂટ દૂર પર સ્નાન કરવું જોઈતું હતું : પ્રશાસને તેમને સમજાવવાનું કામ કર્યું પણ તેઓ સમજી શક્યા નહીં

અયોધ્યા, તા.૨૧

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં માઘ મેળો ચાલી રહ્યો છે. કરોડો શ્રદ્ધાળુઓ માઘ મેળામાં ત્રિવેણી સંગમમાં આસ્થાની ડુબકી લગાવી પુણ્ય કમાઈ રહ્યા છે. આ દરમ્યાન સ્વામી શંકરાચાર્ય સ્વામી અવીમુક્તેશ્વરનંદના સ્નાનને લઈને હવે વિવાદ વધતો જાય છે. સંતોએ સ્વામી અવિમુક્તેશ્વરાનંદ પર સવાલો ઊભા કર્યા છે. જગદગુરુ રામભદ્રાચાર્યનું કહેવું છે કે પાલખી પર બેસીને ન જવું જોઈએ. તો વળી જિતેન્દ્રાનંદ સરસ્વતીએ કહ્યું કે, ૫૦ ફૂટ ચાલતા ચાલતા પણ નથી જઈ શકતા? હવે આ સમગ્ર મામલા પર અયોધ્યાના સંત સમાજના લોકોએ પણ પોતાની પ્રતિક્રિયા આપી છે કે અયોધ્યામાં સંત સમાજના લોકો બે ધડામાં વહેંચાયેલા જોવા મળે છે. હનુમાનગઢીના સંત દિવેશાચાર્યે જણાવ્યું કે પ્રયાગરાજ માઘ મેળામાં શંકરાચાર્ય સાથે જે પણ થયું તે ખૂબ જ દુખદ ઘટના છે. કોઈની પણ સાથે આવી ઘટના ન થવી જોઈએ. તેના પર નિષ્પક્ષ તપાસ થવી જોઈએ અને જે પણ લોકો દોષિત હોય તેમના પર કાર્યવાહી થવી જોઈએ. જો શાસન પ્રશાસન નિવેદન કરે તો જરૂર શંકરાચાર્ય પગપાળા ચાલીને સ્નાન કરતા. પણ શંકરાચાર્ય અને પ્રશાસન વચ્ચે કોઈ માહોલ ખરાબ કરનારા પણ ઘુસી ગયા હતા. જેમણે આ રીતથી ભડકાવવાનું કામ કર્યું અને તેનું દુષ્પરિણામ પણ સામે આવ્યું છે. આગળથી શાસન અને પ્રશાસન સાથે તમામ પૂજ્ય સંતને પણ આ વાતનું ધ્યાન રાખવું જોઈએ, તેમની વચ્ચે કોઈ અઘટિત ઘટના ન ઘટે.યૂપીના સીતારામ દાસે જણાવ્યું કે માઘ મેળાના પાવન પર્વ પર શંકરાચાર્ય પાલખી પર જઈ રહ્યા હતા.

આ ખોટી વાત છે, પણ શંકરાચાર્યને મારવાનો જે મામલો આવ્યો છે, એ પણ ખોટી વાત કહેવાય જે રીતે આપણા સમાજને સાધુ સંતોને બદનામ કરવાનું કુચક્ર રચવામાં આવી રહ્યું છે, તેને બચાવવા જોઈએ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજી જો નિત્ય નિરંતર સાધુ સંતો માટે સનાતન ધર્મ માટે આ પ્રકારના કૃત્યોને સાંખી લેશે નહીં. પણ પૂજ્ય શંકરાચાર્યને પગપાળા ચાલીને ૫૦ ફૂટ દૂર પર સ્નાન કરવું જોઈતું હતું. પ્રશાસને તેમને સમજાવવાનું કામ કર્યું પણ તેઓ સમજી શક્યા નહીં એ પણ સારી વાત નથી. અમે લોકો એ જ કહીશું કે સાધુ સંત સંગઠિત રહીને એકત્રિત રહેવું જોઈએ.રામાદળ ટ્રસ્ટના અધ્યક્ષ કલ્કિ રામે જણાવ્યું કે પહેલા તો શંકરાચાર્યને શંકરાચાર્ય કહેવાનું બંધ કરો. કેમ કે દેશમાં બીજા પણ શંકરાચાર્ય છે. દેશમાં જેટલા પણ શંકરાચાર્ય છે, તેમના પર કોઈ કેસ નથી ચાલતો.

આમના પર તો કેસ પણ ચાલે છે. અને તે પણ શંકરાચાર્યના પદને લઈને તો આવી સ્થિતિમાં આ શંકરાચાર્ય નથી. બીજી વાત તમે ત્યાં મા ગંગાના આશીર્વાદ લેવા ગયા છો, ત્યાં તમે પોતાના અહંકારનું પ્રદર્શન કરવા નથી ગયા. જ્યાં દેશના મોટા મોટા સંત ચાલતા આવે છે, આવી સ્થિતિમાં તમે પાલખી પર બેસીને જઈ રહ્યા છો અને પ્રશાસન તમને નિવેદન કરે છે કે તમે ચાલતા પણ જઈ શકો છો. તેમ છતાં તમે માન્યા નહીં અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના વિવાદમાં કારણવગરનું કૂદવાની આદત બની ગઈ છે. આ જ કારણ છે કે શંકરાચાર્ય છે, જેમને વારાણસીમાં ફટકારવામાં આવ્યા હતા.

### સોનું પહેલીવાર રૂ. ૧.૫ લાખને પાર

# ઘરેલુ બજારમાં ચાંદીની કિંમતમાં રૂપિયા ૧૦ હજારનો ઉછાળો

## સોનાના ભાવમાં ૭,૦૦૦ જેટલો વધારો અને ચાંદીના ભાવમાં ૧૦,૦૦૦થી વધુનો વધારો થયો છે

નવી દિલ્હી, તા.૨૧

વૈશ્વિક તણાવ, ગ્રીનલેન્ડ વિવાદ, ચાંદીની માંગમાં વધારો થવાના કારણે આજે પણ સોના-ચાંદીના ભાવમાં ધરખમ વધારો થયો છે. ગઈકાલે સોનાનો ૧૦ ગ્રામનો ભાવ ૧,૫૦,૫૬૫ પર બંધ થયો હતો, ત્યારે આજે બપોરે ૪.૦૦ વાગ્યા સુધીમાં ૧,૫૭,૫૦૫ રૂપિયાની કિંમત પર પહોંચી ગયો છે. જ્યારે ચાંદીનો ભાવ ગઈકાલે ૩,૨૩,૬૭૨ પર બંધ થયા બાદ આજે ૩,૩૪,૦૦૦ પર પહોંચી ગયો છે. એટલે કે આજે સોનાના ભાવમાં ૭,૦૦૦ જેટલો વધારો અને ચાંદીના ભાવમાં ૧૦,૦૦૦થી વધુનો વધારો થયો છે.ડેટા મુજબ ગઈકાલે ચાંદીનો ભાવ રૂ.૩,૨૩,૬૭૨ પર બંધ થયા બાદ આજે ૩૨૨,૫૬૬ પર ખુલ્યો હતો. ત્યારબાદ તેનો ભાવ નીચેમાં ૩,૨૦,૦૦૭ પર અને ઊંચામાં ૩,૩૫,૫૨૧ રૂપિયા પર પહોંચ્યો હતો. જ્યારે સોનાની વાત કરીએ તો તેનો ભાવ ગઈકાલે ૧,૫૦,૫૬૫ પર બંધ થયા બાદ આજે ૧,૫૧,૫૭૫ પર ખૂલ્યો હતો. ત્યારબાદ તેનો ભાવ નીચેમાં ૧૫૧,૫૭૫ અને ઊંચામાં ૧૫૮,૩૩૯ પર પહોંચ્યો હતો.

સોનામાં તેજીના ૩ મુખ્ય કારણો

૧... વૈશ્વિક તણાવ અને ગ્રીનલેન્ડ વિવાદ : અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગ્રીનલેન્ડ પર કબજો કરવાની જીદ અને યુરોપિયન દેશો પર લાદવામાં આવેલી ટેરિફની ધમકીને કારણે વૈશ્વિક બજારોમાં ભારે અસ્થિરતા સર્જાઈ છે. જ્યારે પણ ટ્રેડ વોરની સ્થિતિ ઉભી થાય છે ત્યારે રોકાણકારો શેરબજારને બદલે સોનાને સુરક્ષિત રોકાણ માનીને તેમાં રોકાણ કરે છે.

૨... રૂપિયામાં રેકોર્ડબ્રેક ઘટાડો : ભારતીય રૂપિયો અત્યારે ડોલર સામે રૂ.૯૧.૧૦ ના અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે. રૂપિયાની નબળાઈને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ખરીદવામાં આવતા સોનાની લેન્ડિંગ કોસ્ટ વધી ગઈ છે, જેના કારણે ઘરેલું બજારમાં સોનું રૂ.૧.૫ લાખને પાર કરી ગયું છે.

૩... સેન્ટ્રલ બેંકો દ્વારા સોનાની ખરીદી : ભારતની RBI સહિત દુનિયાભરની સેન્ટ્રલ બેંકો પોતાના વિદેશી મુદ્રા ભંડારને સુરક્ષિત રાખવા માટે સોનાનો સ્ટોક વધારી રહી છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ મુજબ, ૨૦૨૫ ના રેકોર્ડ બાદ ૨૦૨૬ માં પણ આ માંગ સતત વધી રહી છે, જેને કારણે ભાવમાં ઉછાળો જોવા મળી રહ્યો છે.

ચાંદીમાં તેજીના ૩ મુખ્ય કારણો

૧... ઔદ્યોગિક માંગ: સોલર પેનલ, ઈલેક્ટ્રોનિક્સ અને ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) માં ચાંદીનો ઉપયોગ વધતા હવે તે માત્ર ઘરેણું નહીં પણ જરૂરી કાચો માલ બની ગઈ છે.

૨... ટ્રમ્પના ટેરિફનો ડર: અમેરિકી કંપનીઓ ટેરિફના ડરથી ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, જેનાથી ગ્લોબલ સપ્લાયમાં ઘટાડો થયો છે.

૩... ઉત્પાદન અટકવાનો ભય: મેન્યુફેક્ચરર્સ ભવિષ્યમાં અછત સર્જાવાના ડરથી અત્યારથી જ મોટાપાયે ખરીદી કરી રહ્યા છે.

નિષ્ણાંતોના મતે, જો મધ્ય પૂર્વમાં તણાવ વધશે તો સોનું આ વર્ષે રૂપિયા ૧,૯૦,૦૦૦ સુધી જઈ શકે છે. જ્યારે ચાંદીનો ભાવ રૂપિયા ૩.૨૦ લાખથી ૪ લાખ સુધી પહોંચવાની સંભાવના છે.

### મંત્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું

# ખેડૂતોને કુલ રૂપિયા ૮,૫૭૧ કરોડની સહાય ચૂકવવામાં આવી

## 33 જિલ્લાઓમાંથી ૩૦,૦૬,૮૬૫ લાભાર્થીના રૂ. ૮,૬૧૦ કરોડના ઓનલાઈન બિલો તૈયાર કરવામાં આવ્યા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રીએ કૃષિ રાહત પેકેજની પ્રગતિની સમીક્ષા કરી હતી. જે અંગે વિગતો આપતા પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, કૃષિ રાહત પેકેજ હેઠળ ખેડૂતોને સહાય આપવા માટે અત્યાર સુધીમાં ૩૨ લાખથી વધુ ખેડૂતોના કુલ રૂ. ૯,૫૧૬ કરોડના ઓનલાઈન બીલો તૈયાર કરવામાં આવ્યા છે. જે પૈકી આજની સ્થિતિએ કુલ ૩૨.૪૯ લાખ ખેડૂતોને કુલ રૂ. ૯,૪૬૬ કરોડથી વધુની સહાય સીધી તેમના બેંક ખાતામાં ચૂકવવામાં આવી છે.

આ બાબતે વિગતો માહિતી આપતાં પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું હતું કે, ઓક્ટોબર ૨૦૨૫ માં થયેલા કમોસમી વરસાદ સંદર્ભે ૩૩ જિલ્લાઓમાંથી ૩૦,૦૬,૮૬૫ લાભાર્થીના રૂ. ૮,૬૧૦ કરોડના ઓનલાઈન બિલો તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં આજની સ્થિતિએ ૨૯,૯૩,૬૮૯ ખેડૂતોને કુલ રૂ. ૮,૫૭૧ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. વક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું હતું કે, સપ્ટેમ્બર ૨૦૨૫ માં થયેલા ભારે વરસાદથી અસરગ્રસ્ત પાંચ જિલ્લાઓમાંથી ૨,૩૪,૩૮૬ લાભાર્થીના કુલ રૂ. ૭૯૨ કરોડના ઓનલાઈન બિલો તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં આજની સ્થિતિએ ૨,૩૩,૭૭૭ ખેડૂતોને કુલ રૂ. ૭૯૧.૧૯ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. જમીન સુધારણા અંગે માહિતી આપતાં પ્રવક્તા મંત્રીએ કહ્યું હતું કે, આ અંગે કુલ ૪૧,૭૭૭ ખેડૂતોની અરજી મળી હતી. જેમાંથી ૩૪,૬૧૫ લાભાર્થીઓના રૂ. ૧૧૩.૦૧ કરોડના ઓનલાઈન બિલો તૈયાર કરાયા છે. મંજૂર કરેલા કુલ ૩૧,૯૫૮ ખેડૂતોને કુલ રૂ. ૧૦૪.૩૭ કરોડની સહાયની ચૂકવણી કરવામાં આવી હતી. ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્ય સરકારે કમોસમી વરસાદથી થયેલા નુકસાન સામે રાજ્યના ૩૨ લાખથી વધુ ખેડૂતોને અત્યાર સુધીમાં કૃષિ રાહત પેકેજ અંતર્ગત કરોડો રૂપિયાની ચૂકવણી કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, ટેકાના ભાવે મગફળી સહિતના પાકોની ખરીદીમાં પણ રાજ્ય સરકારે નવી સિદ્ધિ હાંસલ કરી હતી. સરકારે માત્ર નુકસાનીનું વળતર જ નથી આપ્યું, પરંતુ ખેડૂતોના ઉત્પાદનને યોગ્ય ભાવે ખરીદવાની વ્યવસ્થા પણ કરી હતી. રાજ્યમાં મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી હતી.ગુજરાત સરકારે ૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી હતી. આ પેકેજ ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૫માં કમોસમી વરસાદથી થયેલા પાકના નુકસાનને આવરી લે છે. જેમાં ખેડૂતોને હેક્ટર પ્રતિ ૨૨,૦૦૦ રૂપિયા (મહત્તમ ૨ હેક્ટર, એટલે કુલ ૪૪,૦૦૦ રૂપિયા પ્રતિ ખેડૂત) આપવામાં આવશે. આ દરમિયાન પિયત અને પિયત વગરનો નિયમ પણ હટાવી લેવામાં આવ્યો હતો.

### વસઈના સમુદ્રમાં ઉકળતું પાણી

# કુદરતી ગેસ લીકેજ કે પાઇપલાઈન ફાટી તે દિશામાં સઘન તપાસ શરૂ

## શાંત સમુદ્રજળ વચ્ચે ખળભળતા ફીણવાળા પાણીના વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થતા ચિંતા ફેલાઈ

પાલઘર, તા.૨૧

મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના સમુદ્રમાં વસઈ પાસે છેલ્લા થોડા દિવસોથી એક વિચિત્ર અને ચિંતાજનક ઘટના બની રહી છે. સમુદ્રના એક વિશાળ વિસ્તારમાં જાણે પાણી ઉકળી રહ્યું હોય એમ પરપોટા નીકળી રહ્યા છે. શાંત સમુદ્રજળ વચ્ચે ખળભળતા ફીણવાળા પાણીના વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થતા સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ ગઈ છે. આ ઘટનાની તાત્કાલિક તપાસ શરૂ કરાઈ છે.નિષ્ણાતોના મતે આ ઘટનાના સંભવિત કારણો ૧. કુદરતી મિથેન ગેસ લીકેજ: આ સૌથી પ્રબળ શંકા છે. ધરતીની સપાટીની નીચે, સમુદ્રતળમાં, કુદરતી રીતે મિથેન ગેસના ભંડાર હોય છે. જો કોઈ ભૂકંપીય હલચલને લીધે સમુદ્રતળમાં તિરાડ પડે તો પેટાળમાં ધરબાયેલો મિથેન ગેસ મુક્ત થાય અને પરપોટાના રૂપમાં સમુદ્ર સપાટી પર દેખાઈ શકે છે, જે પાણી ઉકળતું હોય એવો દેખાવ સર્જે છે. દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્રનો સમુદ્ર કિનારો ટેક્ટોનિક પ્લેટોની સરહદ પર આવેલો હોવાથી અહીં આવી ઘટનાની શક્યતા છે. ૨. તેલ કે ગેસ પાઈપલાઈન લીકેજ: આ વિસ્તાર તેલ અને ગેસ ઉલેચતા 'મુંબઈ હાઈ' ક્ષેત્રની નજીક છે. સમુદ્રપેટાળમાંથી કાઢેલો તેલ અને ગેસ જમીન પર પહોંચાડવા માટે પાઇપલાઈન નાખવામાં આવેલી છે. કોઈ જૂની પાઈપલાઈન ફાટી ગઈ હોય અને તેમાંથી ગેસ લીક થઈ રહ્યો હોય તો આ પ્રકારની હલચલ પેદા થઈ શકે છે.૩. સમુદ્રતળની ભૂગર્ભીય હલચલ: સમુદ્રતળ પર સેંકડો-હજારો વર્ષોથી જમા થયેલા 'સેડિમેન્ટ્સ' (નરમ માટી અને કીચડની ગાદી)માં ક્યારેક મોટી હલચલ થાય ત્યારે સેડિમેન્ટ્સમાં કેદ રહેલા મિથેન જેવા કુદરતી વાયુઓ છૂટા પડે છે અને પરપોટાના રૂપમાં સમુદ્રની સપાટી પર ઉભરી નીકળે છે.૪. દરિયાઈ હાઈડ્રેટ્સનું અસ્થિર થવું: સમુદ્રતળમાં બરફ જેવા સ્વરૂપમાં પણ મિથેન ગેસ હોય છે, જેને 'હાઈડ્રેટ્સ' કહેવાય છે. તાપમાન વધારો થાય કે દબાણ ઘટે ત્યારે આ હાઈડ્રેટ્સ ઓગળીને ગેસ મુક્ત કરી શકે છે.આ અસામાન્ય ઘટનાની ખબર મળતાં જ પાલઘર જિલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા તપાસ શરૂ કરાઈ છે. આ વિસ્તારમાંથી મહત્ત્વપૂર્ણ દરિયાઈ માર્ગો પસાર થાય છે. અહીં મોટી માત્રામાં માછીમારી પણ થાય છે. તેથી નૌકાયાન અને સ્થાનિક માછીમારો માટે જોખમ છે. સમુદ્રના પાણીમાં થઈ રહેલી રહસ્યમય હલચલનું કારણ ન જણાતા માછીમારોને તે વિસ્તારમાં ન જવાની સલાહ અપાઈ છે. તપાસ માટે ભારત સરકારે ઈન્ડિયન નેશનલ સેન્ટર ફોર ઓશન ઈન્ફોર્મેશન સર્વિસની એક વિશેષ ટીમ મોકલી છે, જે તેનું વૈજ્ઞાનિક કારણ શોધવાનો પ્રયત્ન કરશે. INCOISની ટીમ 'ભારતીય કોસ્ટ ગાર્ડ', 'રાષ્ટ્રીય સમુદ્રશાસ્ત્ર સંસ્થા' અને 'ઓએનજીસી' સાથે મળીને કામ કરશે. તેઓ સોનાર ટેક્નોલોજીથી સજ્જ સર્વેક્ષણ જહાજો મોકલીને સમુદ્રતળની તપાસ કરશે. પાણીના નમૂના લઈને તેમાં ઓગળેલા મિથેન અને હાઈડ્રોજન સલ્ફાઈડ જેવા વાયુઓનું પરીક્ષણ કરશે. આ ઉપરાંત ઘટના સ્થળે કોર્ડિનેટ્સની નજીકમાં કોઈ પાઈપલાઈન લીકેજ તો નથી તેની પણ તપાસ કરાશે.

### વિનોદ તાવડેને સોંપાઈ મોટી જવાબદારી

# અધ્યક્ષ બનતા જ નીતિન નબીનનો તાબડતોબ નિર્ણય

## કેરળ વિધાનસભા ચૂંટણી માટે વરિષ્ઠ નેતા વિનોદ તાવડેને ચૂંટણી પ્રભારી અને ચંડીગઢ મેયરની ચૂંટણી માટે નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા

નવી દિલ્હી, તા.૨૧

ભાજપના ૧૨મા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની કમાન સંભાળતાની સાથે જ નીતિન નબીન ફૂલ એક્શન મોડમાં જોવા મળ્યા છે. પદભાર સંભાળ્યાના ગણતરીના કલાકોમાં જ તેમણે આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને વરિષ્ઠ નેતાઓની વરણી કરીને તાબડતોબ નિર્ણયો લીધા છે.નીતિન નબીને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો, જેમાં તેમણે શ્રેણીબદ્ધ નિર્ણયો લીધા. જેમાં તેમણે કેરળ વિધાનસભા ચૂંટણી માટે વરિષ્ઠ નેતા વિનોદ તાવડેને ચૂંટણી પ્રભારી અને ચંડીગઢ મેયરની ચૂંટણી માટે નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા. શોભા કરંદલાજેને તેમની સાથે સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહ દ્વારા જાહેર કરાયેલા આદેશમાં જણાવાયું છે કે તેલંગાણા મ્યુનિસિપલ અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે આશિષ શેલારને ચૂંટણી પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જેમાં અશોક પરનામી અને રેખા શર્મા સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વરિષ્ઠ નેતા રામ માધવને ગ્રેટર બેંગલુરુ નાગરિક ચૂંટણીઓના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જેમાં સતીશ પુનિયા અને સંજય ઉપાધ્યાય સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.ભાજપ મુખ્યાલયમાં પાર્ટીના ૧૨મા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે જાહેરાત થયા પછી, નીતિન નબીને એક કાર્યક્રમને સંબોધિત કર્યો. તેમણે પક્ષના નેતાઓ અને કાર્યકરોને પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોમાં આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપની સફળતા સુનિશ્ચિત કરવા અને સનાતન પરંપરાઓ અને શ્રદ્ધાનું રક્ષણ કરવા અને દેશને વસ્તી વિષયક ફેરફારોથી બચાવવા માટે તમામ પ્રયાસો કરવા આપીલ કરી હતી. યુવાનોને હાકલ કરતા તેમણે કહ્યું, ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના યુવાનોને જાહેર જીવનમાં પ્રવેશવાનું આહ્વાન કર્યું હતું. હું દેશના યુવાનોને કહેવા માંગુ છું કે રાજકારણથી દૂર રહેવું એ ઉકેલ નથી, પરંતુ સક્રિયપણે યોગદાન આપવું છે. ભારતને વિકસિત દેશ બનાવવા યુવાનોએ આગળ આવીને સકારાત્મક રાજકારણમાં ભાગ લેવાની જરૂર છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપી કડક સૂચના

# હવે રાજ્યમાં ગ્રાન્ટના અભાવે કોઈપણ કામ અટકશે નહીં

ગાંધીનગર, તા.૨૧

રાજ્યના વિકાસ માટે કરવામાં આવતા બાંધકામ કામોની ગુણવત્તા અંગે કોઈપણ પ્રકારની બાંધછોડ ન કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે કેબિનેટ બેઠકમાં સબંધિત વિભાગોના વડાઓને કડક તાકીદ કરવામાં આવી છે.આ ઉપરાંત રાજ્યની જનતાના હિતમાં વિકાસ કામો માટે ગ્રાન્ટના અભાવે કોઈ કામ અટકવું ન જોઈએ તે અંગે પણ મુખ્યમંત્રીએ વિવિધ વિભાગોને સૂચના આપી છે તેમ, પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.પ્રવકતા મંત્રી વાઘાણીએ કહ્યું હતું કે, મહેમદાબાદથી મહુધા માર્ગ રૂા. ૨૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો હતો. રાજ્યના નાગરિકોને સરળતા અને પરિવહન વ્યવસ્થા સુલભ કરાવવા માટે તૈયાર થયેલો આ માર્ગ ૧ વર્ષમાં ખરાબ થયો હોવાની ફરિયાદ સરકારને મળી હતી. આ બાબતને ગંભીરતાથી લઈ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા માર્ગ અને મકાન વિભાગના સચિવને આ માર્ગ તાત્કાલિક અસરથી વ્યવસ્થિત તૈયાર કરાવવા સૂચના આપીને સંબંધિતો સામે તપાસ પણ સોંપવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે, મુખ્યમંત્રી દ્વારા અપાયેલ સૂચના અનુસાર તમામ બાંધકામો પર ગુણવત્તાને કેન્દ્રમાં રાખીને કામગીરી કરવામાં આવી રહી છે. આમ છતાં ક્યાંક ક્ષતિ રહી જતી હોય તો જનતાના હિતમાં તાત્કાલિક અસરથી દુરસ્ત કરવા અને ગંભીર ક્ષતિના કિસ્સામાં કસૂરવા સામે કડક પગલા ભરવા સૂચના આપવામાં આવી છે.પ્રવકતા મંત્રીએ કહ્યું હતું કે, રાજ્ય સરકારને ધ્યાનમાં આવ્યું છે કે કેટલીક વાર નાગરિકોને ગ્રાન્ટ ના હોવાનું કહીને કામો કરવામાં આવતા નથી. મુખ્યમંત્રીએ નાગરિકોની સંવેદનાને સમજીને આ બાબત પર કડકાઈથી તમામ વિભાગોના ઉચ્ચ અધિકારીઓને તાકીદ કરી છે કે ગ્રાન્ટના અભાવે કોઈ કામ અટકવું ન જોઈએ. વધુમાં ગ્રાન્ટના અભાવે કોઈ કામ ન અટકે તેની કાળજી અગાઉથી સંબંધિત અધિકારીઓએ સ્વયં લેવી જોઈએ અને જો ગ્રાન્ટ પૂર્ણ થવા આવી હોય તો અગાઉથી જ યોગ્ય વ્યવસ્થા કરીને પહેલેથી તેની માંગણી કરી લેવી જરૂરી છે. નાગરિકોનું કામ વહિવટી બાબતોના કારણે ક્યાંય અટકવું ન જોઈએ. તે ઉપરાંત તમામ વિભાગોએ પોતાને ફાળવેલા બજેટ માર્ચ મહિનાના અંત સુધીમાં યોગ્ય રીતે વાપરવા પણ મુખ્યમંત્રીશ્રી દ્વારા જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે તેમ, તેમણે ઉમેર્યું હતું.

### દુનિયાના નકશા પરથી ભૂંસી નાખીશ : ટ્રમ્પ

# યુદ્ધના ભણકારા ! ઈરાનના જવાબથી ટ્રમ્પ અકળાયા

## અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે

વોશિંગ્ટન, તા.૨૧

ઈરાનમાં ચાલી રહેલા હિંસક વિરોધ પ્રદર્શનો વચ્ચે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ધારદાર નિવેદન આપ્યું છે. એક ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું હતું કે જો ઈરાનમાં આ પરિસ્થિતિ ચાલુ રહેશે, તો આખો દેશ બરબાદ થઈ શકે છે. તેમના નિવેદનથી બંને દેશો વચ્ચે તણાવ વધુ વધ્યો છે.ટ્રમ્પે કહ્યું છે કે જો ઈરાન તેમની હત્યા કરવાનો પ્રયાસ કરશે, તો અમેરિકા ઈરાનને દુનિયાના નકશા પરથી ભૂંસી નાખશે. વધુમાં તેમણે કહ્યું હતું કે, "મેં મારા અધિકારીઓને કડક સૂચના આપી છે કે જો કંઈ થશે, તો તેઓ ઈરાનને દુનિયાના નકશા પરથી ભૂંસી નાખશે." ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ ચરમસીમાએ છે.ટ્રમ્પના એક નિવેદનના જવાબમાં ઈરાની લશ્કરી પ્રવક્તા જનરલ અબુલ ફઝલ શેકાર્ચીએ કહ્યું કે, "ટ્રમ્પ જાણે છે કે જો કોઈ અમારા વડા આયાતુલ્લાહ અલી ખામેની તરફ ખરાબ ઈરાદા સાથે હાથ લંબાવશે, તો અમે ફક્ત તેનો હાથ જ કાપશું નહીં, તેના સમગ્ર વિશ્વને આગ લગાવી દઈશું." આ ચેતવણી ટ્રમ્પના તે નિવેદન પછી આવી છે જેમાં તેમણે ખામેનીના લગભગ ૪૦ વર્ષના શાસનનો અંત લાવવાની વાત કરી હતી. ટ્રમ્પે અગાઉ ઈરાનને ચેતવણી આપી હતી, જો ઈરાન તેમની સામે કોઈ હત્યાનું કાવતરું ઘડે તો તેમના સલાહકારોને ઈરાનને સંપૂર્ણપણે નાશ કરવાનો નિર્દેશ આપ્યો છે.શેકાર્ચીનું આ નિવેદન ટ્રમ્પના એક ઈન્ટરવ્યુ પછી આવ્યું છે, જેમાં તેમણે ખામેનીને એક બીમાર માણસ ગણાવ્યા હતા અને કહ્યું હતું કે તેમને પોતાનો દેશ યોગ્ય રીતે ચલાવવો જોઈએ અને લોકોની હત્યા બંધ કરવી જોઈએ. ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે ઈરાનને નવા નેતૃત્વની જરૂર છે. ૨૮ ડિસેમ્બરથી શરૂ થયેલા વિરોધ પ્રદર્શનો પછી ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ વધી ગયો છે. આ વિરોધ પ્રદર્શનો ઈરાનની નબળી અર્થવ્યવસ્થા સામે શરૂ કરવામાં આવ્યા હતા અને અધિકારીઓ દ્વારા કડક કાર્યવાહીથી હિંસા ભડકી હતી. વિરોધ પ્રદર્શનો વચ્ચે યુએસ સૈન્ય પણ તૈનાત કરવામાં આવ્યું છે, જેના કારણે બંને દેશો વચ્ચે તણાવ વધુ વધ્યો છે.

# તેલંગાણામાં એક બાદ એક ૬૦૦ કૂતરાના મોતથી ભારે ખળભળાટ

હૈદરાબાદ, તા.૨૧

તેલંગાણાના વિવિધ જિલ્લાઓમાં અબોલ જીવો પ્રત્યેની ક્રૂરતાની પરાકાષ્ઠા સમાન એક ઘટના સામે આવી છે. રખડતા શ્વાનોના ત્રાસથી મુક્તિ અપાવવાના નામે ગ્રામ પંચાયતો દ્વારા સેંકડો નિર્દોષ શ્વાનોને ઝેરી ઈન્જેક્શન આપીને મોતના ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. તાજેતરની ઘટના રંગારેડ્ડી જિલ્લાના યાચરમ ગામમાં બની છે, જ્યાં અંદાજે ૧૦૦ શ્વાનોની હત્યાના આરોપમાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે.રંગારેડ્ડી જિલ્લાના યાચરમ ગામમાં ૧૯ જાન્યુઆરીના રોજ આશરે ૧૦૦ જેટલા રખડતા શ્વાનોને ઝેરી ઈન્જેક્શન આપી મારી નાખવામાં આવ્યા હતા. એનિમલ ક્રુઅલ્ટી પ્રિવેન્શન આસિસ્ટન્ટની ફરિયાદના આધારે રાચાકોંડા પોલીસે ગામના સરપંચ, વોર્ડ સભ્ય અને સચિવ વિરુદ્ધ મ્હજીની કલમ ૩૨૫ અને પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો છે. આ ઘટના પોલીસ સ્ટેશનથી માત્ર ૧ [redacted] છે. આ અમાનવીય ક્રૂરતા પાછળનું મુખ્ય કારણ ગત ડિસેમ્બરમાં યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીઓ હોવાનું મનાય છે, જેમાં અનેક ઉમેદવારોએ મતદારોને રીઝવવા માટે પોતાના ગામને શ્વાન-મુક્ત બનાવવાનું વચન આપ્યું હતું. આ જ ચૂંટણી વાદો પૂરો કરવા માટે, સત્તામાં આવેલા સરપંચોએ પ્રોફેશનલ ડોગ-કેચર્સની મદદથી આયોજનબદ્ધ રીતે અજ્ઞાત ઝેરી ઈન્જેક્શન્સ આપી નિર્દોષ શ્વાનોનો સામુહિક સફાયો કર્યો હતો.પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે હનમકોંડાના ગામોમાં ૩૦૦ અને કામારેડ્ડીના ગામોમાં ૨૦૦ શ્વાનોને મારવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૭ સરપંચો સહિત ૧૫થી વધુ લોકો સામે ફ્રૈંઈ નોંધવામાં આવી છે. શ્વાનોના મૃતદેહોને ગામની બહાર ખાડો ખોદીને દફનાવી દેવામાં આવ્યા હતા, જેને હવે પોસ્ટમોર્ટમ માટે બહાર કાઢવામાં આવી રહ્યા છે.પશુ અધિકાર સંગઠનોએ આ ઘટનાની આકરી ટીકા કરી છે. તેમણે જણાવ્યું કે ગ્રામ પંચાયતોએ કાયદાનું ઉલ્લંઘન કરીને આ ક્રૂર કામ કર્યું છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશો મુજબ શ્વાનોનું રસીકરણ અને નસબંધી કરવી અનિવાર્ય છે, પરંતુ તેમને મારી નાખવા એ ગંભીર અપરાધ છે.

### રાયબરેલીમાં રાહુલ ગાંધીને મળી મોટી ભેટ

# રાહુલને દાદા ફિરોઝ ગાંધીનું ડ્રાઈવિંગ લાઈસન્સ મળ્યું

## રાયબરેલી પ્રીમિયર લીગની એક ટીમના માલિક વિકાસ સિંહે મંચ પર રાહુલ ગાંધીને ડ્રાઈવિંગ લાઈસન્સ આપ્યું

રાયબરેલી, તા.૨૧

એક દિવસીય પ્રવાસે પોતાના સંસદીય વિસ્તાર રાયબરેલીમાં પહોંચેલા રાહુલ ગાંધીને અહીં એક પરિવારે તેમના દાદા ફિરોઝ ગાંધીનું ઐતિહાસિક ડ્રાઈવિંગ લાઈસન્સ સોંપ્યું હતું. આ દુર્લભ ધરોહર લાંબા સમયથી પરિવાર દ્વારા સાચવીને રાખવામાં આવ્યું હતું. લાઈસન્સ હાથમાં લેતા જ રાહુલ ગાંધી ભાવુક થઈ ગયા હતા અને તેમણે તાત્કાલિક તેની તસવીર લઈ પોતાના માતા સોનિયા ગાંધીને વોટ્સએપ દ્વારા મોકલ્યું. હકીકતમાં રાહુલ ગાંધી ભુએમઉ ગેસ્ટ હાઉસથી આઈટીઆઈ નજીક રાજીવ ગાંધી સ્ટેડિયમ પહોંચ્યા હતા. જ્યારે રાયબરેલી પ્રીમિયર લીગ ક્રિકેટ ટૂર્નામેન્ટનું ઉદ્ઘાટન કરી રહ્યા હતા. ઉદ્ઘાટન કાર્યક્રમ દરમિયાન રાયબરેલી પ્રીમિયર લીગની એક ટીમના માલિક વિકાસ સિંહે મંચ પર રાહુલ ગાંધીને એક નાની પુસ્તક આપી, જેની અંદર તેમના પરિવારની આ અનમોલ વિરાસત ફિરોઝ ગાંધીનું ડ્રાઈવિંગ લાઈસન્સ રાખ્યું હતું. મંચ પર લાઈસન્સ સોંપતી વખતે રાહુલ ગાંધી ખૂબ જ ભાવુક દેખાયા અને થોડી વાર સુધી તેને જોતા રહ્યા. આ અવસર પર મંચ શેર કરી રહેલા અમેઠી સાંસદ કિશોરી લાલ શર્માએ પણ આ ઘટનાની પુષ્ટિ કરી હતી.લાઈસન્સ આપનારા વિકાસ સિંહે ફોન પર જણાવ્યું કે, આ લાઈસન્સ તેમને તેમના સસરાએ આપ્યું હતું અને નિર્દેશ આપ્યા હતા કે આ અમાનતને ગાંધી પરિવારના સભ્ય સુધી પહોંચાડવામાં આવે. વિકાસ સિંહના જણાવ્યા અનુસાર, ફિરોઝ ગાંધી ડિગ્રી કોલેજના નિર્માણ દરમિયાન આ લાઈસન્સ તેમને મળ્યું હતું, જેને તેમણે વર્ષો સુધી સાચવીને રાખ્યું અને આજે યોગ્ય હાથમાં તેને સોંપવાનો અવસર મળ્યો. જો કે વિકાસ સિંહ ફિરોઝ ગાંધીના લાઈસન્સની સામે જ ફોટો આપી શકે, પણ લાઈસન્સ આપવાની પુષ્ટિ અમેઠી સાંસદ કિશોરી લાલ શર્માએ જરૂર કરી છે.

### શ્રી રામ મંદિર પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવને બે વર્ષ પૂર્ણ

# આજે ગુજરાતમાં કતલખાના બંધ રાખવા સરકારનો પરિપત્ર

### રાજ્યભરમાં ધાર્મિક અને સાંસ્કૃતિક સંવેદનશીલતા જળવાઈ રહે તે હેતુસર આ અનુરોધ કરવામાં આવ્યો છે

ગાંધીનગર,તા.૨૧

ગુજરાત સરકાર દ્વારા રાજ્યભરમાં આવેવા તમામ કતલખાનાને આવતીકાલે ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ બંધ રાખવાનો મહત્વનો વહીવટી નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે ગુજરાત રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે ગાંધીનગર સચિવાલયમાંથી એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે, જેમાં ઉલ્લેખ કરાયો છે કે, આવતીલાકે અયોધ્યા ધામ ખાતે શ્રી રામ મંદિર પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવને બે વર્ષ પૂર્ણ થવાના છે, જે નિમિતે રાજ્યભરના તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં આવેલા કતલખાના બંધ રાખવા આવે તેવો સત્તાવાર અનુરોધ કર્યો છે.

૨૨ જાન્યુઆરીએ ગુજરાતભરમાં આવેલા તમામ કતલખાના બંધ રાખવા માટે જારી કરાયેલા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સંયુક્ત સચિવના પરિપત્રમાં રાજ્યની તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરો તેમજ મ્યુનિસિપાલિટીઝ એડમિનિસ્ટ્રેશનના કમિશનરને આ બાબતને લગતી તમામ જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે.

પરિપત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આવતીકાલે ૨૨ જાન્યુઆરીના રોજ શ્રી રામ મંદિર પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવને બે વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે રાજ્યભરમાં ધાર્મિક અને સાંસ્કૃતિક સંવેદનશીલતા જળવાઈ રહે તે હેતુસર આ અનુરોધ કરવામાં આવ્યો છે.

સરકારના પરિપત્ર અનુસાર, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓએ પોતાના વિસ્તારમાં આવેલા કતલખાના આ દિવસે બંધ રહે તે માટે પૂર્વ તૈયારી કરવી પડશે. કતલખાના સંચાલકોને અગાઉથી જાણ કરી દેવા તેમજ કોઈ પણ પ્રકારની ગેરસમજ અથવા કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ઊભી ન થાય તે માટે જરૂરી પગલાં લેવા સૂચના આપવામાં આવી છે. આ નિર્ણય અમલમાં મૂકવા માટે મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને વહીવટી સ્તરે સંકલન સાધવા પણ કહેવામાં આવ્યું છે.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્યમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રસંગો દરમિયાન શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તે માટે આ પ્રકારના નિર્ણયો લેવામાં આવતા રહ્યા છે. શ્રી રામ મંદિર પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ દેશવ્યાપી મહત્વ ધરાવતો પ્રસંગ હોવાથી રાજ્ય સરકારે એકસરખો અભિગમ અપનાવી સમગ્ર રાજ્યમાં સમાન અમલ થાય તે માટે આ અનુરોધ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ અયોધ્યા ધામ ખાતે શ્રી રામ મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા વિધિ યોજાઈ હતી, જેને બે વર્ષ પૂર્ણ થવાના નિમિત્તે દેશના અનેક રાજ્યોમાં વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાવાની સંભાવના છે. જેથી લોકોમાં ભાઈચારો વધે તેમ જ સહિષ્ણુતા વધે અને હિન્દુઓની લાગણી દુભાઈ નહીં તે હેતુ સાથે આ પ્રકારનો પરિપત્ર કરીને કતલખાના બંધ રાખવા માટેના નિર્દેશ કર્યો હોવાનું જાણકરી પ્રાપ્ત થઈ રહી છે. ત્યારે હવે આ પરિપત્ર ને કેટલો સહયોગ મળે છે. તે જોવું રહ્યું.

### પોલીસે કાર્યકરોને ટિંગાટોળી કરી વાનમાં બેસાડ્યા

# વડોદરા પાલિકાના લાઇવ કોન્સર્ટમાં કૌભાંડનો AAPનો આરોપ

### નવાપુરા પોલીસે પાર્ટીના પ્રમુખ સહિત ૯ કાર્યકરોની જાહેરનામા ભંગના ગુનામાં ધરપકડ કરી હતી

વડોદરા,તા.૨૧

વડોદરા શહેરના ખંડેરાવ માર્કેટ ખાતે આવેલી વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની વડી કચેરીમાં લાઇવ કોન્સર્ટ ઈવેન્ટના કથિત કૌભાંડના આક્ષેપ સાથે રજૂઆત કરવા આવેલા આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ હોબાળો મચાવ્યો હતો. નવાપુરા પોલીસે પાર્ટીના પ્રમુખ સહિત ૯ કાર્યકરોની જાહેરનામા ભંગના ગુનામાં ધરપકડ કરી હતી.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના સિક્યુરિટી ગાર્ડ કિશન ગવલીની ફરિયાદ મુજબ, તેઓ અન્ય સિક્યુરિટી ગાર્ડ સાથે મ્યુનિસિપલ કમિશનરની કચેરીના મુખ્ય દરવાજા પર ફરજ બજાવી રહ્યા હતા. બપોરે લગભગ ત્રણ વાગ્યે આમ આદમી પાર્ટીના કાર્યકરો કોઈ પરવાનગી વગર આવેદનપત્ર આપવા માટે કચેરી ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેમણે હલ્લાબોલ કરી કામકાજમાં અડચણ ઊભી કરી હતી. અને સિક્યુરિટી ગાર્ડ અને પોલીસ સાથે ઘર્ષણ કર્યું હતું.

વિરોધ કરનારા આપ આદમી પાર્ટીના શહેર પ્રમુખ પોલીસને હાથમાં કાગળની ફાઈલ રાખીને કહેતા જોવા મળ્યા હતા કે, 'પાલિકાએ ફ્રોડ કર્યું છે તેના પૂરાવા છે મારી પાસે, મારી ફરિયાદ પહેલા લેજો', જો કે પોલીસે આપ કાર્યકરોની વાત અવગણી હતી જે બાદ ઉહાપોહ થતાં કાર્યકરોની ટિંગાટોળી કરી પોલીસ વાનમાં બેસાડવામાં આવ્યા હતા. જાહેરનામા ભંગ અને સિક્યુરિટી સ્ટાફની ફરજમાં અડચણ આરોપસર ૯ જેટલા આપ કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી. ગઈકાલે ૨૦ જાન્યુઆરીના રોજ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય સભા મળી હતી જેમાં પણ કોર્પોરેટર આશિષ જોષીએ દિવાળી દરમિયાન થયેલી લાઈવ ઈવેન્ટમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાના ગંભીર આરોપો મૂક્યા હતા, તેમણે દાવો કરતાં કહ્યું કે 'ઈવેન્ટ મેનેજમેન્ટ સર્વિસ માટે ૯ લાખ, જનરેટર ભાડું ૬ લાખ, ખુરશી-સોફા ૧.૭૬ લાખ, રેડ કાર્પેટ ૮૮ હજાર, સ્ટેજ-લાઈટિંગ ૨૬ લાખ અને પરચૂરણ ખર્ચ ૫ લાખ ૩૪ હજારનો બતાવવામાં આવ્યા છે. કુલ ૬૨ લાખનું બિલ મૂકવામાં આવ્યું છે.'જો કે બિલમાં ગડબડ જણાતા ઓડિટ વિભાગે હજી સુધી બિલ મંજૂર કર્યું નથી. પણ એક રાત (ચાર-પાંચ કલાક)ની લાઈવ કોન્સર્ટ પાછળ આટલો જંગી ખર્ચ કેવી થાય તે સવાલનો જવાબ આપવામાં અધિકારીઓ અને નેતાઓનો પરસેવો છૂટી રહ્યો છે. તો બીજી તરફ વડોદરાના મેયર પિંકીબેન સોનીએ ગોળગોળ જવાબ આપતા કહ્યું કે, અમારા દ્વારા સૂચના આપવામાં આવી છે કે આ અંગે કમિશનર અને જવાબદાર અધિકારીઓ યોગ્ય તપાસ કરે,

### ICCએ બાંગ્લાદેશની હવા કાઢી નાખી

# બાંગ્લાદેશે હવે ભારતમાં જ રમવી પડશે તમામ મેચ

### જો તેઓ ભારતમાં T૨૦ વર્લ્ડ કપની મેચો નહીં રમે, તો તેને ટૂર્નામેન્ટમાંથી બહાર કરી દેવામાં આવશે : આઈસીસી

નવી દિલ્હી, તા.૨૧

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ બુધવારે (૨૧ જાન્યુઆરી) બાંગ્લાદેશની હરકતોથી પરેશાન થઈને તેને અલ્ટીમેટમ આપી દીધું છે. જય શાહની અધ્યક્ષતાવાળી ક્રિકેટની આ સૌથી મોટી સંસ્થાએ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને સ્પષ્ટપણે કહી દીધું છે કે, જો તેઓ ભારતમાં T20 વર્લ્ડ કપની મેચો નહીં રમે, તો તેને ટૂર્નામેન્ટમાંથી બહાર કરી દેવામાં આવશે.તેની જગ્યાએ અન્ય કોઈ ટીમનો સમાવેશ થઈ શકે છે. જો બાંગ્લાદેશ ભારત નહીં જાય, તો ICC બોર્ડે તેને બદલવા માટે બુધવારે વોટિંગ કર્યું છે. ICCએ BCBને બાંગ્લાદેશ સરકારને એમ કહેવા માટે જણાવ્યું છે કે, જો બાંગ્લાદેશ ૨૦૨૬ T20 વર્લ્ડ કપમાં તેની મેચો રમવા માટે ભારત આવવાનો ઈનકાર કરે છે, તો ટૂર્નામેન્ટમાં તેની જગ્યાએ બીજી ટીમને સામેલ કરવામાં આવશે. આ નિર્ણય બાદ થયેલા મતદાનમાં ICC બોર્ડના મોટાભાગના સભ્યો રિપ્લેસમેન્ટના પક્ષમાં હતા. BCBને ભારતમાં રમવા અંગેના તેના વલણ પર ICCને જવાબ આપવા માટે વધુ એક દિવસનો સમય આપવામાં આવ્યો છે. જો બાંગ્લાદેશ પીછેહઠ નહીં કરે, તો વર્લ્ડ કપમાં ગ્રુપ-સીમાં બાંગ્લાદેશની જગ્યા સ્કોટલેન્ડને મળી શકે છે. સ્કોટલેન્ડ ૨૦૨૬ T20 વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરી શક્યું નહોતું કારણ કે તે યુરોપિયન ક્વોલિફાયરમાં નેધરલેન્ડ, ઈટાલી અને જર્સીથી પાછળ રહી ગયું હતું.નોંધનીય છે કે, બાંગ્લાદેશ દ્વારા T20 વર્લ્ડ કપ ૨૦૨૬ માટે પોતાની ટીમ ભારત ન મોકલવાના નિર્ણયને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)એ સમર્થન આપ્યું હતું. હવે બાંગ્લાદેશને ICC તરફથી મળેલા અલ્ટીમેટમ બાદ પાકિસ્તાનની મુશ્કેલીઓ પણ વધી શકે છે. જો તે બાંગ્લાદેશી ટીમનું સમર્થન ચાલુ રાખશે, તો ICC તેને પણ બહાર કરવામાં અચકાશે નહીં. ઈએસપીએનક્રિકઈન્ફોના એક રિપોર્ટ અનુસાર, PCBએ ICCની ગવર્નિંગ બોડીને એક પત્ર લખ્યો છે, જેમાં તેણે બાંગ્લાદેશના ભારતમાં ન રમવાના વલણને સમર્થન આપ્યું છે. જો કે, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા આ અંગે કોઈ જાહેર નિવેદન આપવામાં આવ્યું નથી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે બાંગ્લાદેશને સમર્થનમાં આ પત્ર ICC ના અંતિમ નિર્ણયના થોડા સમય પહેલા જ લખ્યો હતો, પરંતુ તેની ICC પર કોઈ અસર થઈ નથી.

### સોની વેપારીઓને ઠગતી બંગાળી ગેંગ ઝડપાઈ

# જૂનાગઢ અને કેશોદના સોની વેપારીઓ સાથે છેતરપીંડી

### આ ગેંગે અત્યાર સુધીમાં ૧૫ રાજ્યોના ૫૬ શહેરોમાં છેતરપિંડી આચરી હોવાની કબૂલાત કરી છે

જૂનાગઢ,તા.૨૧

પંચધાતુના દાગીના પર સોનાનો વરખ ચડાવી દેશભરના સોની વેપારીઓને ચૂનો લગાવતી ખતરનાક બંગાળી ગેંગના બે સભ્યોને જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચે વડોદરા પાસેથી દબોચી લીધા છે. આ ગેંગે અત્યાર સુધીમાં ૧૫ રાજ્યોના ૫૬ શહેરોમાં છેતરપિંડી આચરી હોવાની કબૂલાત કરી છે. સોના ચાંદીના વધતા જતા ભાવોને લઈને ઠગ ટોળકી સક્રિય બની છે. પંચ ધાતુમાંથી બનાવેલા દાગીનાને સોનાનો વરખ ચડાવી અસલી તરીકે ગણાવી જૂનાગઢ અને કેશોદના સોની વેપારીઓ સાથે છેતરપીંડી કરી હોવાની ફરિયાદ નોંધાઈ હતી.કેશોદના પાલા પ્રિયમ જ્વેલર્સના માલિક નરેન્દ્ર પાલા આ ઠગાઈનો ભોગ બન્યા હતા.ગત ૧૦ તારીખે એક બંગાળી દંપતીએ તેમની પાસેથી ૨.૬૨ લાખની બે ચેઈન અને ૨૨૦૦૦ રોકડા મેળવી બદલામાં નકલી હાર પધરાવી દીધો હતો.વેપારીને શંકા જતા તપાસ કરાવી તો હાર નકલી નીકળ્યો હતો.જૂનાગઢના ગિરિરાજ જ્વેલર્સના માલિક સાથે પણ છેતરપિંડી કરવામાં આવી હતી.

આ ગેંગની મોડસ ઓપરેન્ડી પ્રમાણે આ ગેંગના માણસો ૩૦ ગ્રામનો હાર બનાવતા હતા જેમાં ૨૦ ગ્રામ પંચધાતુ હોય અને તેના પર પોટાશ કેમિકલનો ઉપયોગ કરી ૧૦ ગ્રામ સોનાનો વરખ ચડાવવામાં આવતો હતો.જ્યારે તેને ઓગાળવામાં આવે ત્યારે તેમાંથી માત્ર ૩૦% જ સોનું નીકળતું હતું.

આ ગેંગના સભ્યો દંપતી બનીને જ્વેલર્સની દુકાને જતા અને વિશ્વાસમાં લઈ નકલી હાર ગીરવે મૂકી અસલી સોનાના દાગીના અને રોકડ રકમ પડાવી રફુચક્કર થઈ જતા હતા. આ રીતે તેઓ વેપારીઓને છેતરીને તેમની પાસેથી શુદ્ધ સોનાના દાગીના પડાવી લેતા હતા.વેપારીઓની વ્યાપક રજૂઆતો બાદ જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી. જૂનાગઢ એલ સી બી એ ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને આરોપીઓનું પગેરું મેળવ્યું હતું.પોલીસને માહિતી મળી હતી કે આ કપલ વડોદરા આસપાસ છે જેના આધારે ટીમે તાત્કાલિક ત્યાં પહોંચી સ્ત્રી અને પુરુષ બંનેને પકડ્યા હતા.પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું છે કે આ આખું કૌભાંડ બિહારના પટનામાં બેઠેલા રવિ સોની અને બનારસના એક વ્યક્તિ દ્વારા ચલાવવામાં આવતું હતું.આ માસ્ટરમાઈન્ડ દ્વારા કપલને તૈયાર નકલી દાગીના આપવામાં આવતા હતા.આ કપલને દરેક સફળ છેતરપિંડીના બદલામાં ૭,૦૦૦નું કમિશન મળતું હતું. અત્યાર સુધીની કબૂલાત મુજબ તેઓએ અંદાજે ૯૦૦ ગ્રામ જેટલા સોનાના અસલી દાગીના વેપારીઓ પાસેથી પડાવ્યા છે.આ આંકડો હજુ પણ વધી શકે છે કારણ કે તપાસ ચાલુ છે.

જૂનાગઢ જિલ્લામાં જ ૧૦ થી ૧૨ સોની વેપારીઓ આ ગેંગનો ભોગ બન્યા હોવાની શક્યતા છે.હાલમાં પકડાયેલા બંને આરોપીઓને વધુ કાર્યવાહી માટે કેશોદ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે.પોલીસ દ્વારા મુદ્દામાલ રિકવર કરવાની પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે.જૂનાગઢ પોલીસે અન્ય રાજ્યોની પોલીસને પણ આ અંગે મેસેજ દ્વારા જાણ કરી છે.જે કોઈ વેપારી આ મોડસ ઓપરેન્ડીનો ભોગ બન્યા હોય તેમને આગળ આવીને ફરિયાદ નોંધાવવા અપીલ કરવામાં આવી છે.

### ખેડૂતો સાવધાન

# PM કિસાનનો ૨૨મો હપ્તો મેળવવા ફાર્મર આઈડી ફરજિયાત

### આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ ખેડૂતોને મળતી સરકારી સહાયમાં પારદર્શિતા લાવવાનો અને વચેટીયાઓને દૂર કરી સીધો લાભ ખેડૂતોના ખાતામાં પહોંચાડવાનો છે

અમદાવાદ,તા.૨૧

ભારત સરકારના કૃષિ મંત્રાલય દ્વારા ખેતી અને ખેડૂતોના ઉત્થાન માટે ડિજિટલ ક્રાંતિની શરૂઆત કરવામાં આવી છે. 'એગ્રીસ્ટેક પ્રોજેક્ટ' અંતર્ગત હવે દરેક ખેડૂત ખાતેદાર માટે ૧૧ આંકડાનો 'યુનિક ફાર્મર આઈડી' બનાવવો ફરજિયાત કરવામાં આવ્યો છે. જો ખેડૂતો આ રજીસ્ટ્રેશન નહીં કરાવે, તો આગામી સમયમાં પીએમ કિસાન યોજનાનો ૨૨મો હપ્તો અટકી શકે તેવી શક્યતા છે.

જેમ નાગરિકોની ઓળખ માટે 'આધાર કાર્ડ' છે, તેમ હવે ખેડૂતોની ડિજિટલ ઓળખ માટે 'ફાર્મર આઈડી' તૈયાર કરવામાં આવી રહ્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫ થી અમલી બનેલા આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ ખેડૂતોને મળતી સરકારી સહાયમાં પારદર્શિતા લાવવાનો અને વચેટીયાઓને દૂર કરી સીધો લાભ ખેડૂતોના ખાતામાં પહોંચાડવાનો છે.

આ યોજનાઓ માટે આઈડી હશે અનિવાર્ય:

- પીએમ કિસાન સન્માન નિધિ યોજનાના હપ્તા.

- બિયારણ અને ખાતર પર મળતી સબસીડી.

- પાક વીમો (PMFBY) અને સરકારી ખરીદીના લાભ.

- ખેતીવાડી વિભાગની વિવિધ યોજનાકીય સહાય.

કઈ રીતે કરાવશો રજીસ્ટ્રેશન?

-ખેડૂત મિત્રો પોતાની સુવિધા મુજબ નીચેની ત્રણ રીતે રજીસ્ટ્રેશન કરાવી શકે છે:

-પોતાના મોબાઈલ દ્વારા: સરકારના સત્તાવાર પોર્ટલ gjfr.agristack.gov.in પર જઈને સેલ્ફ-રજીસ્ટ્રેશન કરી શકાય છે.

-ગ્રામ પંચાયતઃ જે-તે ગામના VCE/VLE (કોમ્પ્યુટર ઓપરેટર) પાસે જઈને.

-જનસેવા કેન્દ્રઃ નજીકના કોમન સર્વિસ સેન્ટર (CSC) પર જઈને પણ નોંધણી કરાવી શકાય છે.

જરૂરી દસ્તાવેજોઃ

રજીસ્ટ્રેશન માટે ખેડૂતોએ નીચે મુજબના ડોક્યુમેન્ટ્સ સાથે રાખવા પડશેઃ

-આધાર કાર્ડ.

-આધાર સાથે લિંક થયેલો ચાલુ મોબાઈલ નંબર (OTP માટે).

-જમીનની વિગતો (૭/૧૨ અને ૮-અ ના ઉતારા).

ખેતીવાડી વિભાગનો અનુરોધજિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા તમામ ખેડૂત ખાતેદારોને અપીલ કરવામાં આવી છે કે, ભવિષ્યમાં કોઈપણ સરકારી સહાય કે હપ્તા મેળવવામાં કોઈ અડચણ ન આવે તે માટે વહેલી તકે ફાર્મર રજીસ્ટ્રેશન પૂર્ણ કરી લેવું. ખાસ કરીને ૨૨મા હપ્તાના લાભાર્થીઓએ આ પ્રક્રિયામાં વિલંબ ન કરવા સૂચના અપાઈ છે.

ગુજરાત સરકાર આ બાબતે ખૂબ સક્રિય થઈ છે. ૧૫ ઓક્ટોબર ૨૦૨૪થી ગુજરાતમાં 'ફાર્મર રજિસ્ટ્રી' માટેનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારે ૧ જાન્યુઆરી ૨૦૨૫થી પીએમ કિસાન યોજનામાં નવા નોંધણી કરાવતા ખેડૂતો માટે 'ફાર્મર આઈડી' હોવું ફરજિયાત બની ગયું છે. સરકારે સંકેત આપ્યા છે કે આગામી સમયમાં જે ખેડૂતો પાસે આ આઈડી નહીં હોય, તેમના પીએમ કિસાનના હપ્તા અટકી શકે છે.

### સોના-ચાંદીના મોટા વેપારીઓમાં મચ્યો હડકંપ

# વેરાવળમાં જ્વેલર્સ પર GSTના મેગા દરોડા પડ્યા

### શાહ નગીનદાસ ભગવાનદાસની બે અલગ-અલગ પેઢીઓ પર પણ દરોડા પાડવામાં આવતા સમગ્ર વેપારી આલમમાં ફફડાટ ફેલાયો છે

ગીર સોમનાથ,તા.૨૧

ગીર સોમનાથના વેરાવળ શહેરમાં આજે વહેલી સવારથી જ GST વિભાગ દ્વારા સોના-ચાંદીના મોટા વેપારીઓ પર તવાઈ બોલાવવામાં આવી છે. સેન્ટ્રલ જીએસટી જૂનાગઢ ડિવિઝનની ટીમોએ વેરાવળના નામાંકિત જ્વેલર્સના શો-રૂમ અને પેઢીઓ પર એકસાથે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. શહેરના જાણીતા પરશુરામ દયારામ જ્વેલર્સના શો-રૂમ પર અધિકારીઓ દ્વારા હિસાબી દસ્તાવેજોની તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, શાહ નગીનદાસ ભગવાનદાસની બે અલગ-અલગ પેઢીઓ પર પણ દરોડા પાડવામાં આવતા સમગ્ર વેપારી આલમમાં ફફડાટ ફેલાયો છે.

આ દરોડા દરમિયાન જીએસટી વિભાગની ટીમ દ્વારા સોના-ચાંદીના સ્ટોક, ખરીદ-વેચાણના બિલો અને ડિજિટલ ટ્રાન્ઝેક્શનની જીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. લાંબા સમયથી ચાલી રહેલા શંકાસ્પદ આર્થિક વ્યવહારો અને ટેક્સ ચોરીની બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું મનાય છે. વેરાવળના મુખ્ય બજારમાં આવેલા આ શો-રૂમ્સ પર પોલીસ બંદોબસ્ત સાથે ચાલી રહેલી આ તપાસમાં મોટા પાયે કરચોરી પકડાય તેવી પૂરેપૂરી શક્યતા છે. અત્યારે અધિકારીઓ દ્વારા વાંધાજનક દસ્તાવેજો જપ્ત કરવાની પ્રક્રિયા ચાલી રહી છે.

### ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર ૨૦૨૫-૨૬ અંતર્ગત

# મહિલા વિકાસલક્ષી કામગીરી કરતી સ્વૈચ્છિક સંસ્થા અને સામાજિક કાર્યકરોએ તા. ૩૧ જાન્યુઆરી સુધીમાં અરજી કરવી

### મહિલા ખાતે બાળ અધિકારી મારફત નિયમ નમૂનામાં અરજી કરો

અમરેલી, તા. ૨૧

ગુજરાત રાજયમાં મહિલા વિકાસને માટે કામગીરી કરતી સ્વૈચ્છિક સંસ્થા અને સામાજિક કાર્યકરોએ વર્ષ ૨૦૨૫-૨૬ના ''ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર'' માટે તા. ૩૧ જાન્યુઆરી,૨૦૨૬ સુધીમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી મારફત નિયત નમુનામાં અરજી કરવાની રહેશે. શરતો મુજબ (૧) ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર ઈચ્છુક સ્વૈચ્છિક સંસ્થા તેમજ સામાજિક કાર્યકર જે ઓછામાં ઓછા છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાત રાજયમાં મહિલા કલ્યાણ ક્ષેત્રે, મહિલાઓના સામાજિક, આર્થિક સશકિતકરણને લગતી પ્રવૃત્તિ કરતા હોય તે જ સ્વૈચ્છિક સંસ્થાઓ, સામાજિક કાર્યકર પુરસ્કાર માટે જરૂરી આધાર પુરાવા સાથે અરજી કરી શકશે. (૨) કોઈપણ સરકારી અથવા તો અર્ધ સરકારી અને ૧૦૦ ટકા સરકારી અનુદાનથી ચાલતી સંસ્થા આ પુરસ્કાર માટે અરજી કરી શકશે નહીં. (૩) ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર સ્વૈચ્છિક સંસ્થા અને સામાજિક કાર્યકરને એક જ વખત મળવાપાત્ર છે. (૪) પુરસ્કાર માટે પસંદગી, પદ્ધતિ, શરતોમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા રાજય સરકારની રહેશે. ઉપરાંત પુરસ્કાર માટે અંતિમ નિર્ણય રાજય સરકારનો રહેશે. અરજી કરવા ઈચ્છુકો ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર મેળ વવા અંગેનું અરજી પત્રક મહિલા અને બાળ વિકાસ વિભાગની વેબસાઈટ https://www.wcd.gujarat.gov.in/applicationform ઉપરથી ડાઉનલોડ કરી શકશે. તેમજ જે તે જિલ્લા ખાતે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી ખાતેથી પણ મળી શકશે.અરજીકર્તાએ શરતો વાંચીને નિયત નમુનામાં અરજી તા. ૩૧/૧/૨૦૨૬ સુધીમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી અમરેલીને અરજી મળે તે રીતે ફરજીયાત આર.પી.એ.ડી /સ્પીડ પોસ્ટથી મોકલવાની રહેશે જેની નોંધ લેવા અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અમરેલી : બાઈકની નવી સિરીઝ માટે એ.આર.ટી.ઓ. દ્વારા ઈ-ઓક્શન પ્રક્રિયા

અમરેલી, તા. ૨૧

અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા મોટરસાઈકલની નવી સિરીઝ જીજે ૧૪ બી.જે., બી.એચ., બી.એફ., ૦૦૦૧-૯૯૯૯ ઈ-ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

ઈ-ઓકશન માટે ઓનલાઈન અરજી તા.૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૪ વાગ્યાથી તા.૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના સાંજે ૪ વાગ્યા સુધીમાં થઈ શકશે. બિડિંગ સમયગાળો તા.૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ સાંજે ૪ કલાકથી તા.૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ સાંજે ૪ કલાક સુધી રહેશે. ઈ-ઓકશનનું પરિણામ તા.૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ એ જાહેર થશે.

ઓનલાઈન ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે https://parivahan.gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી. પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી, ચૂકવણું કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.

વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે.

આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલા દરે ઓનલાઈન ઈ-ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન-૫ (પાંચ)માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ-મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના એમઆઈએસથી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવી.

ઈ-ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુટ્યુબમાં ઈ-ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળ વી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ, અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### બગદાણા નવનીત બાલધિયા કેસ

# માયાભાઈનો પુત્ર જયરાજ આહીર SIT સમક્ષ હાજર

### SITએ બેથી અઢી કલાક સુધી પૂછપરછ કરી હતી જોકે બંનેએ મીડિયા સમક્ષ એક પણ પ્રકારની પ્રતિક્રિયા આપી નહોતી

ભાવનગર,તા.૨૧

નવનીત બાલધિયા પર હુમલાના કેસમાં માયાભાઈનો પુત્ર જયરાજ આહીર SIT સમક્ષ હાજર થયા છે. આ કેસમાં પીડિત નવનીત બાલધિયાના આક્ષેપ વચ્ચે હુમલાની તપાસ માટે બનેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીરને આજે(૨૧મી જાન્યુઆરીએ) બપોરે સમન્સ પાઠવ્યું હતું. સમન્સ પ્રમાણે જયરાજ આહીરે આજ એટલે કે ૨૧મી જાન્યુઆરીના સાંજના પાંચ વાગ્યા સુધીમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) સમક્ષ હાજર થવાનું હતું ત્યારે તેઓ હાલ SIT સમક્ષ હાજર થઈ ચૂક્યા છે.

બગદાણા નવનીત બાલધિયા કેસમાં SITએ માયા આહીરના દીકરા જયરાજને પાઠવ્યું હતું અને આજે ૨૧મી જાન્યુઆરીએ સાંજે ૫ વાગ્યા સુધીમાં SIT એ સામે હાજર રહેવા જણાવ્યું હતું, ત્યારે આ મામલે તેઓ હાલ SIT સમક્ષ પહોંચ્યા છે. આ સમયે જયરાજ આહીરને આ સમન્સને લઈ પીડિત નવનીત બાલધિયાની પ્રતિક્રિયા આવી સામે આવી છે, તેઓએ કહ્યું કે, SIT સાચી દિશામાં તપાસ કરશે તો આ કેસમાં મોટા ખુલાસા થશે.

નોંધનીય છે કે, આ જયરાજ આહીરને આજે સમન્સ મળ્યું તેના બે દિવસ પહેલા(૧૯મી જાન્યુઆરીએ) પીડિત નવનીત બાલધિયાએ SITને નિવેદન આપ્યું હતું અને તે સમયે તેમને જયરાજ આહીર વિરુદ્ધમાં ૧૫ જેટલા પુરવા આપ્યા હતા હોવાનું મીડિયા સમક્ષ જણાવ્યું હતું. આટલું જ નહીં તે સમયે SITએ આ કેસ સાથે જોડાયેલા અન્ય બે તપાસ અધિકારી પોલીસ કર્મીઓના પણ નિદેવનો નોંધ્યા હતા.

વધુમાં આ નવનીત બાલદીયા મારામારી કેસમાં બગદાણાના રામ વાળા અને ચેતન સોનીને IG ઓફિસે પૂછપરછ માટે બોલાવાયા હતા. જ્યાં SITએ બેથી અઢી કલાક સુધી પૂછપરછ કરી હતી. જોકે બંનેએ મીડિયા સમક્ષ એક પણ પ્રકારની પ્રતિક્રિયા આપી નહોતી. ઉપરાંત આ કેસમાં અત્યાર સુધીમાં ૧૧ જેટલા આરોપીઓની પૂછપરછ થઈ છે. ત્યારે હાલ આ મામલે જયરાજ આહીરને સમન્સ મળ્યા બાદ તેઓ SIT સમક્ષ પહોંચતા તપાસનો ધમધમાટ આગળ વધ્યો છે. જેથી હાલ SIT જયરાજ આહીરની પૂછપરછ કરી રહી છે, ત્યારે સમગ્ર બાબતે આવનારા સમયમાં શું શું ખુલાસા થશે તેના પર સૌની નજર રહેલી છે.

# અમરેલી ખાતે મુકબધિર શાળાની ૨૫ વર્ષની સફરની ઉજવણી કરાઈ










અમરેલી સેવા, સત્કાર અને સમર્પણને વરેલી અમરેલીની બહેરા મૂંગા શાળા એટલે શ્રવણમંદ દિવ્યાંગોના અંધકારમય જીવનમાં પ્રકાશનું કિરણ. છેલ્લા ૨૫ વર્ષથી આ સંસ્થા અમરેલી જિલ્લા ઉપરાંત આસપાસના વિસ્તારના શ્રવણમંદ દિવ્યાંગોને શિક્ષણ સાથે તમામ જરૂરીયાતો વિનામૂલ્યે પૂરી પાડે છે. સંસ્થા દ્વારા રજત જયંતિની ઉજવણી અંતર્ગત તા. ૧૦/૦૧/૨૬ના રોજ બાળકો દ્વારા નિર્મિત કૃતિઓનું એક ભવ્ય પ્રદર્શન 'ઈનોવેટીવ ફેર' પણ રાખવામાં આવેલ. તા ૧૧/૦૧/૨૬ના રોજ સંસ્થાના આંગણે એક ભવ્ય રજત જયંતિ મહોત્સવ સંપન્ન થયો. આ મહોત્સવને અવિસ્મરણીય બનાવવા આણંદબાવા આશ્રમ જામનગરના મહંત શ્રી દેવપ્રસાદજી મહારાજે પોતાની અમૂલ્ય અમૃતવાણીમાં સૌને ભીજવી દીધા હતા. સાથે જૈન મુનિ શ્રી પંથકમુનિ મહારાજે પણ પોતાના આશીર્વાદ વરસાવ્યા હતા. આ કાર્યક્રમને રંગારંગ બનાવવા સંસ્થાના બાળકોએ અવનવી સાંસ્કૃતિક કૃતિઓથી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. સંસ્થાના આ કાર્યક્રમને વિશેષ સ્મરણીય બનાવવા દિનેશભાઈ સાવલિયા, ડો. માનસેતા, ડો. કાનાબાર, કાળુભાઈ ભંડેરી, દિપેશભાઈ પરવાની, ચતુરભાઈ ખૂંટ, કડછા તથા અન્ય શુભેચ્છકો અને વાલીગણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ અને ટ્રસ્ટીગણની પ્રેરણાથી આ કાર્યક્રમને સફળ બનાવવામાં સર્વે કર્મચારીઓની મહેનત નોંધનીય રહી.

### ધૂળની ડમરીઓનો કાળો કહેર

## સાવરકુંડલામાં ગૌશાળાનાં ઢાળથી નેસડી રોડ સુધી વેપારીઓ ત્રાહિમામ

### દુકાનદારો પ્લાસ્ટિકનાં કવચ બાંધવા મજબુર



સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ધૂળની ડમરીઓએ રહીશો અને ખાસ કરીને વેપારીઓનું જીવવું દુષ્કર કરી દીધું છે. શહેરના મુખ્ય એવા ગૌશાળા ઢાળ ઉતરીને નેસડી રોડ તરફ જતાં જાહેર માર્ગો પર ઉડતી અસહ્ય ધૂળને કારણે સ્થાનિક વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

નેસડી રોડ એ શહેરનો ધમધમતો રસ્તો છે, જયાંથી દિવસ–રાત અનેક મોટા અને ભારે વાહનો પસાર થાય છે. રસ્તા પર જામી ગયેલી ધૂળના થર જયારે આ વાહનો પસાર થાય ત્યારે હવામાં ઉડે છે, જેનાથી આખું વાતાવરણ ધૂંધળું બની જાય છે. વેપારીઓનો આરોપ છે કે, આ ધૂળ સીધી તેમની દુકાનોમાં જમા થાય છે, જેના કારણે કિંમતી માલ–સામાન બગડી રહ્યો છે અને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે.

ધૂળના આતંકથી બચવા માટે હવે વેપારીઓએ મજબૂરીમાં અનોખો રસ્તો અપનાવ્યો છે. અનેક દુકાનદારોએ પોતાની દુકાનના પ્રવેશ ધ્વાર પર પારદર્શક પ્લાસ્ટિકના કવચ (પડદા) લગાવી દીધા છે. ગ્રાહકોને અંદર આવવામાં તકલીફ પડતી હોવા છતાં, ધૂળથી બચવા માટે આ સિવાય બીજો કોઈ વિકલ્પ વેપારીઓ પાસે બચ્યો નથી.

સ્થાનિક લોકો અને વેપારીઓની માંગ છે કે નગરપાલિકા આ બાબતે જાગૃત બને અને માત્ર કાગળ પર નહીં પણ 'યુદ્ધના ધોરણે' જમીની કામગીરી કરે. રસ્તા પરથી ધૂળ દૂર કરવામાં આવે અથવા નિયમિત પાણીનો છંટકાવ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. અને સાથે સાથે આ રોડ તદન બિસ્માર હોય નવો રોડ બનાવવામાં આવે જો વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે એવી લોકમાંગ ઉઠવા પામી છે.

### જનતા જનાર્દન મોટી રકમ કરવેરારૂપે ભરતી હોવાથી

## અમરેલી શહેરમાં ઠેકઠેકાણે રખડતા પશુઓ અને વિકરાળ બનેલ ગંદકીની સમસ્યાનો નિકાલ જરૂરી

### સ્પેશ્યલ ટીમની રચના કરીને શહેરીજનોને સ્વચ્છતા અને સુરક્ષા પુરી પાડો



અમરેલી, તા. ૨૧

અમરેલી શહેરમાં ગંદકી અનેરખડતા પશુઓની સમસ્યા વિકરાળ બની ગઈ હોય પાલિકાનાં શાસકોએ સ્પેશ્યલ ટીમની રચના કરીને શહેરીજનોને સ્વચ્છતા અને સુરક્ષા પુરી પાડવી જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

શહેરીજનો પાલિકાને દર વર્ષે કરોડો રૂપિયા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કરવેરા ધ્વારા આપતી હોય શાસકોની જવાબદારી બને છે કે શહેરમાંથી ગંદકી દૂર થાય, રખડતા પશુઓને સલામત સ્થળે ખસેડવા, બંધ સ્ટ્રીટલાઈટ શરૂ થાય, માર્ગોનાં ગાબડા, ઉભરાતી ગટરની સમસ્યા દૂર કરવા સહિતની પ્રાથમિક કામગીરી કરવી જરૂરી બની છે.

પાના ૮ ઉપરનું ચાલું **બાવકુભાઈ ઉંઘાડની નિમણૂંક કરાઈ**

પરેશ કોટડીયા, વડીયા વિઠ્ઠલભાઈ હિરાણી, બગસરા સતીશભાઈ કોરાટ, ધારી મયુરભાઈ કાથરોટીયા, ચલાલા કરશનભાઈ ડોબરીયા, સાવરકુંડલા અશ્વિનભાઈ પેથાણી, ખાંભા ઉપરોકત બાવકુભાઈ ઉંઘાડનતી અમરેલી જિલ્લા ખોડલધામ ઝોનના અધ્યક્ષ તરીકેની વરણીને આવકારે છે એમ અમરેલી જિલ્લા ખોડલધામ સમિતિના નવનિયુકત કન્વીનર રમેશભાઈ કાથરોટીયાની યાદીમાં જણાવવામાં આવે છે.

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલાનાં જુની આંબરડી ગામે**

સાથે ઝડપી લીધેલ છે.

આ બનાવમાં ટેકનીકલ ખામીનાં કારણે આરોપી તરીકે અગાઉ ભગવાનભાઈ ચોરવડીયાનું નામ જાહેર થયા બાદ તેમાં સુધારો કરી આરોપી તરીકે વાલજીભાઈ ભગવાનભાઈ ચોરવડીયા હોવાનું સ્થાનિક પોલીસ સ્ટેશન ધ્વારા જણાવવામાં આવેલ.

પાના ૧ ઉપરનું ચાલું **શોરૂમનાં માલિક પર હુમલો**

હોસ્પિટલ દોડી આવ્યા હતા. તેમની સાથે શહેર ભાજપ પ્રમુખ, સ્થાનિક ભાજપના હોદ્દેદારો તેમજ પટેલ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં હોસ્પિટલ ખાતે એકત્ર થયા હતા અને ઈજાગ્રસ્તના ખબર–અંતર પૂછયા હતા.

ઘટનાની જાણ થતા જ બાબરા પોલીસનો કાફલો ઘટના સ્થળે અને હોસ્પિટલ પહોંચ્યો હતો. આ હુમલો કયા કારણોસર કરવામાં આવ્યો છે અને હુમલાખોરો કોણ હતા તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ધોળે દહાડે થયેલા આ હુમલાને પગલે સ્થાનિક વેપારી આલમમાં પણ રોષ અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૨૦ | ૧૪૦૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૦૦ | ૧૪૧૦ |
| ૩ | શિંગ મોટી | ૯૮૦ | ૧૪૨૦ |
| ૪ | શિંગદાણા | ૧૦૮૦ | ૧૫૭૫ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૬ | તલ સફેદ | ૧૦૮૦ | ૨૨૧૫ |
| ૭ | તલ કાળા | ૨૦૦૦ | ૩૬૭૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૨૧૭૫ | ૨૧૭૫ |
| ૯ | જુવાર | ૬૫૦ | ૧૩૦૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૫૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૫ |
| ૧૨ | મકાઈ | ૩૬૦ | ૪૦૦ |
| ૧૩ | મગ | ૧૬૧૫ | ૧૬૧૫ |
| ૧૪ | અડદ | ૧૧૦૦ | ૧૧૩૦ |
| ૧૫ | ચણા | ૭૦૦ | ૧૦૬૦ |
| ૧૬ | સફેદ ચણા | ૯૬૫ | ૧૦૮૦ |
| ૧૭ | છોલે ચણા | ૧૭૭૫ | ૧૭૭૫ |
| ૧૮ | તુવેર | ૭૩૦ | ૧૫૧૦ |
| ૧૯ | કપાસ | ૧૦૮૦ | ૧૬૫૦ |
| ૨૦ | એરંડા | ૧૦૦૫ | ૧૨૬૫ |
| ૨૧ | જીરૂ | ૩૪૦૦ | ૪૪૨૫ |
| ૨૨ | ધાણા | ૧૫૦૦ | ૧૯૪૫ |
| ૨૩ | અજમા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૨૪ | સોયાબીન | ૮૦૦ | ૧૦૨૦ |
| ૨૫ | મરચા લાંબા | ૫૯૦ | ૫૦૦૦ |
| ૨૬ | કાંગ | ૫૫૦ | ૫૫૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૦૪૬ | ૧૫૦૫ |
| ૨ | મગફળી | ૧૦૩૫ | ૧૨૭૭ |
| ૩ | ઘઉં | ૪૨૫ | ૫૩૭ |
| ૪ | ચણા | ૮૫૦ | ૧૦૫૦ |
| ૫ | તુવેર | ૧૩૬૦ | ૧૪૮૦ |
| ૬ | કલોજી | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૭ | તલ | ૧૮૧૦ | ૧૮૧૦ |
| ૮ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ૯ | મેથી | ૮૮૫ | ૮૮૫ |
| ૧૦ | સોયાબીન | ૭૭૦ | ૯૮૦ |
| ૧૧ | ધાણા | ૧૭૦૦ | ૧૭૩૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૭૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૩૭૦ |
| ૩ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૦૦ |
| ૪ | તલ કાળા | ૩૮૦૦ | – |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૧૬૨૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૩૮ | ૫૩૯ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૫૩ |
| ૮ | બાજરો | ૩૫૦ | ૭૭૨ |
| ૯ | જુવાર | ૫૯૧ | – |
| ૧૦ | ચણા | ૮૦૦ | ૯૬૦ |
| ૧૧ | તુવેર | ૧૧૫૦ | ૧૫૬૦ |
| ૧૨ | એરંડી | ૧૨૨૨ | – |
| ૧૩ | ધાણા | ૮૫૦ | ૧૩૦૦ |
| ૧૪ | સોયાબીન | ૮૦૦ | ૯૯૯ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૦ | ૧૬૫૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૩૪૦ | ૧૪૪૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૧૫૨ | ૧૩૭૮ |
| ૪ | ચણા | ૯૪૫ | ૧૦૪૫ |
| ૫ | જીરૂ | ૩૦૧૦ | ૪૪૦૦ |
| ૬ | ઘઉં | ૪૮૦ | ૫૩૦ |
| ૭ | તુવેર | ૯૧૦ | ૧૩૯૦ |
| ૮ | સોયાબીન | ૭૮૧ | ૯૨૯ |
| ૯ | તલ સફેદ | ૧૬૩૫ | ૧૮૯૫ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૬૩૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૨૫ |
| ૪ | ચણા | ૮૦૦ | ૧૦૩૯ |
| ૫ | ધાણા | ૧૧૨૦ | ૧૮૦૦ |
| ૬ | અડદ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૭ | સોયાબીન | ૬૯૦ | ૧૦૦૧ |
| ૮ | મગફળી | ૧૦૦૦ | ૧૩૨૫ |
| ૯ | તુવેર | ૧૨૦૦ | ૧૪૨૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૩૬૦ | ૧૫૦૦ |
| ૧૧ | તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| ૧૨ | તલ કાળા | ૨૧૦૦ | ૨૫૦૦ |
| ૧૩ | જુવાર | ૪૦૦ | ૮૮૦ |
| ૧૪ | મગ | ૧૦૦૦ | ૧૪૪૦ |
| ૧૫ | રાય | ૧૬૦૫ | ૧૬૦૫ |

### અવસાન નોંધ



**અમરેલી :** અમરેલી નિવાસી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ કાંતાબેન નાથાલાલ પંડયા (ઉ.વ. ૯૫) તે વિનોદભાઈ પંડયા (અમદાવાદ), અશોકભાઈ પંડયા (બીએસએનએલ) તથા ઉષાબેન અરૂણકુમાર જોષી (રાજકોટ)ના માતુશ્રી તથા કેયુરભાઈ, નિકુંજભાઈ, રૂષીભાઈ તથા પૂજાબેન પાર્થકુમાર જોષીનાં દાદીબા તથા પ્રેમશંકર હરિશંકર પંડયાનાં બહેન તા. ૨૧નાં રોજ કૈલાસવાસી થયેલ છે.

સદ્ગતનું બેસણું તા. ૨૨ ગુરૂવાર બપોરે ૪ થી સાંજના ૬ સુધી આર.કે. હોલ કેરીયા રોડ, રેલ્વે ગરનાળા પાસે, અમરેલી ખાતે રાખેલ છે.

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૨૯૯ |
| ૨ | તલ સફેદ | ૧૭૪૦ | ૧૮૦૦ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૬૦૧ |
| ૪ | બાજરો | ૩૬૧ | ૪૦૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૭૬ |
| ૬ | જુવાર | ૩૦૦ | ૧૧૩૧ |
| ૭ | મગ | ૮૦૦ | ૨૦૦૦ |
| ૮ | અડદ | ૧૦૦૧ | ૧૧૦૧ |
| ૯ | તુવેર | ૧૨૦૦ | ૧૪૮૪ |
| ૧૦ | ચણા | ૮૦૧ | ૧૦૮૦ |
| ૧૧ | મેથી | ૧૦૩૦ | ૧૦૩૦ |
| ૧૨ | સોયાબીન | ૮૭૦ | ૯૮૧ |
| ૧૩ | રાય | ૧૭૦૦ | ૧૭૪૨ |

### દેશના પાટનગર નવી દિલ્હી ખાતે

# ઈફકોનાં અધ્યક્ષ દિલીપ સંઘાણીએ કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા સાથે શુભેચ્છા મુલાકાત કરી

## ઈફકોનાં માધ્યમથી ખેડૂતોનાં વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા થઈ

અમરેલી, તા. ૨૧

ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ આજે નવી દિલ્હીમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ તેમજ ખાતર મંત્રી જે.પી. નડ્ડા સાથે શુભેચ્છા મુલાકાત કરી. ઈફકોના માધ્યમથી દેશભરના ખેડૂતો સાથે સંકળાયેલા ખાતરોની ઉપલબ્ધતા, વિતરણ વ્યવસ્થા, ખર્ચ અને વ્યવહારૂ સમસ્યાઓ મંત્રીના ધ્યાનમાં લાવવામાં આવી. આ મુદ્દાઓ પર વિગતવાર સકારાત્મક ચર્ચા થઈ અને ઉકેલલક્ષી અભિગમ સાથે ઝડપી કાર્યવાહી કરવાનો વિશ્વાસ આપવામાં આવ્યો.મુલાકાત દરમિયાન ખેડૂત હિતોને સર્વોપરી રાખતાં કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ ખાતર ક્ષેત્ર સાથે સંકળાયેલા મુદ્દાઓ પર તાત્કાલિક નિર્ણયો લઈને સંબંધિત વિભાગોને સ્પષ્ટ અને અસરકારક સુચનાઓ આપી. આ નિર્ણય કેન્દ્ર સરકારની ખેડૂત સમર્પિત નીતિ અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ''ખેડૂત પ્રથમ'' સંકલ્પનું સશકત ઉદાહરણ છે તેમ મુલાકાતના અંતે દિલીપ સંઘાણીએ જણાવ્યું. ખેડુત કલ્યાણ પ્રત્યે પ્રતિબધ્ધતા દર્શાવતા કેન્દ્રીય મંત્રી




જે.પી. નડ્ડાની સંવેદનશીલતા, તત્પરતા અને નિર્ણાયક નેતૃત્વ પ્રશંસનીય છે. ભારતીય સહકારિતા આંદોલનની તરફથી ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ ખેડૂતોના હિતમાં સતત સહયોગ, સ્પષ્ટ દિશા અને સકારાત્મક પહેલ માટે મંત્રી જે.પી. નડ્ડાનો હાર્દિક આભાર અને કૃતજ્ઞતા વ્યકત કર્યો. બેઠકમાં ઈફકોના એમ.ડી. કે.જે. પટેલ પણ ઉપસ્થિત રહ્યા.

# ચલાલા : અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર દ્વારા શતાબ્દી મહોત્સવનું આયોજન

ચલાલા, તા. ૨૧

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર ધ્વારા પરમ વંદનીય માતાજી ભગવતી દેવી શર્માજીને ૧૦૦ વર્ષ પૂર્ણ થતા હોય સાથે સાથે પ.પૂજય ગુરૂદેવે પ્રગટાવેલ અખંડ દીપકને ૧૦૦ વર્ષ પૂર્ણ થતા હોય અને પ.પૂજય ગુરૂદેવના જપ, તપ અને અનુષ્ઠાનને ૧૦૦ વર્ષ પુરા થતા હોય. તે ત્રીવીધ કાર્યક્રમ અંતર્ગત સમગ્ર વિશ્વ ગાયત્રી પરિવાર ધ્વારા શતાબ્દી મહોત્સવનું ભવ્ય આયોજન હરિદ્વાર ખાતે કરવામાં આવ્યું છે. શાંતિકુંજ હરિદ્વારમાં ચંડીદેવી અને મંસાદેવીની મધ્યમાં કનખલ ક્ષેત્રમાં વૈરાગ્યદ્વીપ ખાતે ગાયત્રી પરિવાર ધ્વારા કરવામાં આવ્યું છે. ૩૦૦ એકર જમીનમાં આશરે ૭૦૦ થી વધારે તંબુઓ નાખી અને એક સાથે ૧,૦૦,૦૦૦ લોકો બેસી શકે તેવા ભવ્ય મંડપનું આયોજન કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમમાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વારના પ્રમુખ ડો. પ્રણવ પંડયા, શૈલદીદી અને અત્યારે સમગ્ર આયોજન સાંભળી રહેલ અને સમગ્ર અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના પ્રેરણા સ્તોત્ર ચિન્મય પંડયા અને સૈફાલીદીદીના માર્ગદર્શન નીચે આ સમગ્ર આયોજન થઈ



રહ્યું છે. આ કાર્યક્રમમાં અમિત શાહ, રાજનાથસિંહજી, રાજયપાલ પુષ્કરસિંહજી ધામેજી, અવધેસાનંદજી મહારાજ, પરમાત્માનંદજી મહારાજ, કૈલાસાનંદજી તેમજ અલગ અલગ મહાનુભાવો ઉપસ્થિત રહેવાના છે.આ સમગ્ર આયોજનમાં અમરેલી જીલ્લા ગાયત્રી પરિવારના ભારત ભૂષણ મહેશભાઈ, બીપીનભાઈ ભરાડ, સવજીભાઈ પટેલ, ભાસ્કરભાઈ સહીત સમગ્ર ટીમ આશરે ૧૦૦ જેટલા પરિજનો ખાસ ઉપસ્થિત રહ્યા છે. જુદા–જુદા ૩૦ દેશોના વિવિધ જ્ઞાતિના લોકો આ સંમેલનમાં ભાગ લઈ રહ્યા છે. આપણા ગુજરાતના આદિવાસી વિસ્તારના ૧૦૦ કરતા વધુ ભાઈ–બહેનો એમની કૃતિ લઈ અને ડાંગ નૃત્ય, આદિવાસી નૃત્ય કરી સમગ્ર વિશ્વ માંથી આવેલ ગાયત્રી પરિજનોના દિલ જીતી લીધા હતા.સાચા અર્થમાં પ.પૂજય ગુરૂદેવનું સપનું સાકાર થઈ રહ્યું હોય. એ રીતે એક મશાલની નીચે 'જાતિ વંશ સબ એક સમાન' સુત્રને સાર્થક કરતું અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર. આશરે ૧,૦૦,૦૦૦ કરતા પણ વધારે લોકો આ કાર્યક્રમમાં ભાગ લેશે. તા. ૨૦ જાન્યુઆરી થી ૨૪ જાન્યુઆરી સુધી આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.

### અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત

# અમરેલીમાં શ્રીમતી સી.વી. ફાર્મસી મહિલા કોલેજનું B.Pharm sem-V શ્રેષ્ઠ પરિણામ

## મહેક બાંભણીયા, પૃષ્ટિ ગજેરા અને આયુષી વઘાસીયા અગ્રેસર







અમરેલી, તા. ૨૧

અમરેલી ખાતે શ્રી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી સી.વી. ફાર્મસી મહિલા કોલેજનું B.Pharm sem-Vનુ શ્રેષ્ઠ પરિણામ આવેલ છે.

કોલેજની વિદ્યાર્થીનીઓ મહેક બાંભણીયા, પૃષ્ટિ ગજેરા અને આયુષી વઘાસીયાએ શ્રેષ્ઠ પરિણામ મેળવતાં શાળા પરિવાર અને ટ્રસ્ટી ગણે શુભકામના પાઠવી છે.

# ૨૨ જાન્યુઆરી, ''વીરદાદા જશરાજ શોર્યં દિન''

અમરેલી, તા. ૨૧

**ગૌરક્ષક, ધર્મરક્ષક, શૌર્ય પ્રતિક, વીરદાદા જશરાજ રઘુવંશીઓ લોહરાણાઓનાં સરતાજ, વીરદાદા જશરાજ રામ રાજયનાં મહારાજા, રઘુકુળ ગૌરવ, ગૌરક્ષક વીરદાદા જશરાજનો સંક્ષિપ્ત ઈતિહાસ.**

શોર્યભૂમિ મનાતી એવી ભારત ભૂમિ પર અવતરિત શુરવીર યોધ્ધા સુર્યવંશનાં વંશજ લોહરાણા કુળ મા જન્મેલા લોહરગઢનાં મહારાણા વીરદાદા જશરાજનો ૨૨ જાન્યુઆરીનાં રોજ શોર્ય દિન છે. દાદા જશરાજનો જન્મ લોહર કોટમાં થયો હતો. લોહ એટલે લોખંડ જેવા મજબુત. લોહરાણાઓ કે જેમણે ત્રણસો વર્ષ પર્યન્ત ભારત દેશની ચોકીદારી કરી. શુરવીરતા, સમર્પણ, કરૂણા અને કોઈના દુઃખમાં ભાગ લેવો એ વર્ષોથી લોહરાણાઓની પરંપરા રહી છે. રાજા વસ્તુપાળ અને રાણી વીરકોરના પાટવી કુંવર મોટા પુત્ર વસ્તરાજ ઉર્ફે વચ્છરાજ દાદા અને નાના પુત્ર વીર જસરાજ જેમનો જન્મ ઈ.સ. ૧૦૩૨, વિક્રમ સવંત ૧૦૮૭, હીજરી સન ૪૨૨માં થયો. બંને ભાઈ બાલ્યાવસ્થાથી જ વીર, તેજસ્વી અને ઘોડે સવારીમાં નિપુણ હતા અને વીર યોધ્ધા તરીકે ઓળખાતા હતા. તા. ૧૫/૧/૧૦૪૮ને શુક્રવાર વિક્રમ સવંત ૧૧૦૩, હીજરી સન ૪૩૯નાં દીને કુવંર વચ્છરાજને લોહર કોટનાં નવા મહારાણા તરીકે સ્થાપિત કરાયા. પરંતુ એક પગે અપંગતા હોવાથી દીલાવર દીલનાં વચ્છરાજ દાદાએ જાતે પોતાના નાનાભાઈ જસરાજને રાજતીલક કરી લોહર કોટનાં નવા મહારાણાની જાહેરાત કરી. તેમણે વિધર્મીઓનો અંત કરીને કાબુલનાં કિલ્લા ઉપર વિજય પ્રવજ ફરકાવ્યો એવું કહેવાય છે કે જેટલો ત્યાગ ગુઢ ગોવિન્દ સિંહમાં હતો, જેટલો શોર્ય મહારાણા પ્રતાપમાં હતું કે જેટલુ સાહસ વીર શિવાજીમાં હતુ તેટલી જ શકિત, સાહસ અને શોર્ય સુર્યવંશી રાણા જસરાજમાં હતુ. રામ રાજયના સમયમાં ભગવાન શ્રીરામની આજ્ઞાથી ભરત મહારાજે તે વખતના ગાંધાર (હાલ અફઘાનિસ્તાન) પ્રદેશમાં જાગેલા વિદ્રોહને પરાજિત કરી તે પ્રદેશમાં તક્ષશીલા અને કોંકણપુર (પેશાવર) શહેરો વસાવ્યા હતા અને સમસ્ત રઘુવંશી રાજયની સ્થાપના કરી હતી. અત્યારના પાકિસ્તાનની ઉતરભ્રમી અને અફઘાનિસ્તાનની દક્ષીણી ભુમી પર હિમાલયની ગિરિમાળા વચ્ચે લોહર પ્રદેશ હતો. આ રાજય હોવાથી તે વખતના ભારતના રાજય મંડળે લોહ રાજવીને લોહરાણાનો શીરપાવ એનાયત ક્યો હતો. તે સમયે મોગલશાહ ચંગીઝખાન અને મહંમદ ગઝનીએ અવારનવાર કરેલી ચઢાઈઓને લોહરાણાઓએ મારી હટાવી હતી. ઈસવીસન પૂર્વે સિકંદર કૂચ



અટકાવનાર લોહરાણા પોરસની જેમ જશરાજે ઈરાનીઓ અને અફઘાનિસ્તાનીઓની કૂચને અટકાવી હતી.

કુંવર જસરાજની સગાઈ ઉનડકોટનાં રાણા રઘુપાલ ઉનડકોટની દીકરી સાથે થઈ હતી. વસંતપંચમીના દિવસે જયારે જસરાજજીના લગ્નનો દિવસ હતો એ દિવસે જ મલેચ્છ સેનાએ કંદહાર અને હિંદુકુશના રસ્તેથી આવી ઉનડકોટની નજીક જ આવેલ લાતુરગઢ ઉપર હુમલો કર્યો. ઉનડકોટમાં મહારાણા જસરાજનાં લગ્નમાં બધા મગ્ન હતા. મલ્લેછોએ ઉનડકોટની ગાયોનું હરણ કરી લીધું હતુ. એક ગોવાળે આ સમાચાર સેનાપતિ સિંધુદેવ શર્માને આપ્યા. તેઓએ પોતાના અંગત સાથીદારોને સાથે લઈ વિધર્મીઓની સામે બાથે ભીડ્યા. આ યુદ્ધમાં વિધર્મીઓએ ગાયોને સામે રાખી હતી હવે જો તેઓ શસ્ત્ર ઉપાડે, સામો પ્રહાર કરે તો ગાયોનુ મૃત્યુ થાય માટે તેઓએ હાથબળથી યુધ્ધ કર્યુ અને વિરગતી પામ્યા. જયારે સેનાપતિ સિંધુદેવ શર્માનુ શવ ઘોડા ઉપર આવે છે. દાદા જસરાજ સહિત બધાની આંખોમા આંસુ આવી જાય છે. તેમની મોટી બહેન હરકેર પોબારૂની વિનંતીથી દાદા લગ્નવેદીનાં ચાર ફેરા તો ફરે છે પરંતુ પોતાની પત્નીની સંમતિથી જ લગ્ન પછી તરત જ ગાયોના રક્ષણ માટે યુધ્ધે ચડે છે. જેમાં તેની બહેન હરકેર પણ મદદ કરી હતી. આખરે કાબુલનાં દુશ્મન પરાજિત થયા, અને જશરાજ વિજયી થયા. લોહર સૈનિકનાં વેશમાં આવેલ એક શત્રુએ લગ્નની ખુશાલીમાં જસરાજ ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી વંદન કરી દગાથી જસરાજની ગરદન ઉપર સાંગ મારી માથું ઉતારી દીધું. જસરાજનું માથા વિનાનું ધડ પણ ઝનૂનથી લડે છે ત્યારથી તેઓ લોહાણા અને ભાનુશાલીઓ દ્વારા વીરદાદા જશરાજ કુળદેવતા તરીકે પૂજાતા આવ્યા છે અને તેની બહેન હરકેરની લોહાણા કુળ દ્વારા કુળદેવી તરીકે પૂજા કરવામાં આવે છે. મહારાણા પ્રતાપનાં ચેતક ઘોડાની જેમ દાદા જસરાજનો પ્રિય અ લાલુ હતો જેમની ખાંભી આજે પણ ઉનડકોટમાં જોવા મળે છે.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**


અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪


### પૂ. મોરારીબાપુનાં વ્યાસાસને

# બગસરા ખાતે ૭ થી ૧૫ માર્ચ સુધી માનસ મેઘાણી રામકથાનું આયોજન

## રામકથાને અનુલક્ષીને બેઠક યોજાઈ



બગસરા, તા. ૨૧

બગસરના આંગણે માર્ચ મહિનાની સાતમીથી લઈને ૧૫મી તારીખ સુધીની પૂજય મોરારીબાપુના શ્રીમુખે કથાનું આયોજન કરાયું. બગસરા બાયપાસ રોડ ખાતે માનસ મેઘાણી કથામા પુજય મોરારીબાપુનો મનોરથ છે. અમેરિકા સ્થિત હર્ષાબા ગોહિલ પરિવાર ધ્વારા મનોરથી પરિવાર આ મનોરથ માનસ રામકથાનું આયોજન કરાયું. બગસરા માત્ર જ નહીં પણ જયાં જયાં વિશ્વમાં વસતા ગુજરાતી હશે એને હૃદયમાં બાપુની કથા તો બિરાજમાન છે એની ખાનદાની વાતો એક ખમીર સૌરાષ્ટ્રની ધરાના પાળીયાઓનું પૂજન જે કર્યુ છે એ ઉપરાંત પત્રકારત્વ તરીકે પણ મેઘાણીનું ઉભતુ નામ થઈ છે. સ્વતંત્ર સંગ્રામમાં પણ જે વખતે અંગ્રેજો એમ કહેતા હતા કે ગાંધીજીની સાથે છે ને કંગળોની સૌના આવે છે ત્યારે મેઘાણી જે લલકાર કરીને એટલું કીધું હતું સપ્તાહના મધમા અંધ વનરા અંગ્રેજો તમને ખબર નથી પણ તમારૂં કાળ સૈન્ય બનીને આવે છે. ત્યારે સિંધુમાં તેમણે દ્વિઘાત વાગે કદમો અનંત દેખો રે અંધ આતો ચડી ગોર હાંઘી અને દેશે દેશેથી લોક ઉન્નત રાખીને ખેતરેથી વાડીએથી ગિરિવરથી સાગરથી સોની સાદ આવ્યા લઈને નવલા નિશાન ગાથા શ્રધ્ધાનું જ્ઞાન અને માનવને મુક્તિધામ દેવને આવ્યા અને મેઘાણીજીએ ધોલેરાના સત્યાગ્રહની શરૂઆત કરી ત્યારે એનો સિંધુડો પુસ્તક છે એની કલમ કોઈ દિવસ શકતી નથી. બહુ ટૂંકી આયુષ્ય ટુંકો ૫૦ વર્ષની ઉંમરમાં ૫૦ જેટલા પુસ્તકો આપ્યા બંગાળમાં જઈને ઠાકોરની રચનાઓ અને ભાવવાનો વાત પણ કર્યો આવા વિવિધ ક્ષેત્રે ગુજરાતી સાહિત્યને જેમને સમૃધ્ધ બનાવ્યું છે. એવા બગસરા શહેરમા મેઘાણીને સાચા અર્થમાં પુજય મોરારીબાપુના મુખેથી કથા છે. માનસ મેઘાણી કથા ખરેખર સાર્થક બનશે. બગસરાના તમામ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ અમિત ચાવડાનો ચોંકાવનારો આક્ષેપ

# પહેલા વોટ ચોરી કરી હવે ૧૦ લાખ જેટલા ખોટા ફોર્મ–૭ ભરીને મતદારોનો મતનો અધિકાર છીનવવાનું ષડયંત્ર

## બંધારણે મતનો અધિકાર આપ્યો–ભાજપ ચુંટણીપંચના મેળાપીપણાથી અધિકાર ખમત કરવા માંગે છે

અમદાવાદ, તા. ૨૧

રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ ચૂંટણી પંચની એસ.આઈ.આર. (SIR)ની કામગીરીમાં થઈ રહેલ ગેરરીતિ સામે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ભૂતકાળમાં ગુજરાત કોંગ્રેસ ધ્વારા નવસારી લોકસભામાં ભૂતિયા શોધી વોટ ચોરી ઉજાગર કરી હતી. ચૂંટણી પંચના નાક નીચે કોંગ્રેસ પક્ષ અને નેતા વિપક્ષ રાહુલ ગાંધી ધ્વારા વારંવાર વોટ ચોરીને ખુલ્લી પાડવામાં આવી છે. ચૂંટણી પંચ ધ્વારા જે ડ્રાફ્ટ મતદારયાદીમાં ક્ષતિ હોય તે સુધારા માટે વ્યવસ્થાનો દુરૂપયોગ સામે આવ્યો છે. મતદાર રદ્દ કરવા માટેના ફોર્મ ૭, જાન્યુઆરી ૧૫ સુધીમાં ચૂંટણી પંચ જોડે નહિવત પ્રમાણમાં આવ્યા હતા. કોંગ્રેસ પક્ષ ધ્વારા પત્ર લખી ફોર્મ ૭ની વિગત માંગવા છતાં ચૂંટણી પંચ ધ્વારા આપી નથી. જયારે એક ષડયંત્રની જેમ ૧૬,૧૭ અને ૧૮ જાન્યુઆરીમાં જથ્થાબંધ પ્રમાણમાં જમા થયા છે. એક સંગઠિત પ્લાનિંગ સાથે કેટલાક ચોક્કસ પક્ષ ધ્વારા ત્રણ દિવસમાં પૂરતા પુરાવા વગર ફોર્મ ૭ને જે તે વિધાનસભામાં અધિકારીઓને આપવામાં આવ્યા છે. પહેલા વોટ ચોરી કરી હવે ૧૦ લાખ જેટલા ખોટા ફોર્મ–૭ ભરીને મતદારોનો મતનો અધિકાર છીનવવાનું ષડયંત્ર છે. બંધારણે મતનો અધિકાર આપ્યો છે. ત્યા ભાજપના ચૂંટણીપંચ સાથેના મેળાપીપણાથી અધિકાર ખતમ કરવા માંગે છે. લોકશાહીમાં જનતાને મળેલા મતદાનના અધિકારને સુનિયોજિત કાવતરૂં ઘડીને છીનવવાનો પ્રયાસ છે.એક સરખા ચોક્કસ



પ્રિન્ટેડ ફોર્મેટમાં મતદારની વિગત સાથે અલગ અલગ જિલ્લામાં ફોર્મ ૭ રજૂ કરવામાં આવ્યા છે. તેના પુરાવા છે. મોટી સંખ્યામાં આવેલ ફોર્મ ૭ કોણ ચૂંટણી પંચમાં આપવા આવ્યું હતું. તેના સીસીટીવી ફૂટેજ અને માહિતી જિલ્લાવાર ચૂંટણીપંચે આપવા પડશે. શું તે ફોર્મના જથ્થા આપનાર ચોક્કસ રાજકીય પક્ષના આગેવાનો હતા કે નહીં તેની વિગત ચૂંટણી પંચે જાહેર કરવી પડશે ફોર્મ ૭ અરજી કરનાર કયાંક વિદેશનો રહેનારા નીકળે, કયાંક ફોર્મ ૭ના વાંધો ઉપાડનારની વિગતમાં એપિક નંબરના લખ્યો હોય તો કયાંક તેનો મોબાઈલ નંબરની વિગતોના હોય તેવા ચૂંટણીપંચમાં જમા થયા છે. કયાંક જેમના નામે ફોર્મ ૭ના વાંધા રજૂ થયા છે તે બાબતથી અજાણ હોય તે પ્રકારની માહિતી સામે આવી છે.

કોંગ્રેસ પક્ષ એક પણ નાગરિકના મતદાનનો અધિકાર છીનવવા નહીં દે. કોંગ્રેસ પક્ષ ધ્વારા બંધારણથી મળેલ મતદાનના અધિકાર માટે આગેવાનો કાર્યકરો સાથે મામલતદાર – કલેકટર કચેરીનો ઘેરાવો કરશે અને ધરણાં પ્રદર્શન કરશે. જયાં કાયદાકીય લડાઈ લડવાની હશે તો તે પણ કોંગ્રેસ સંવિધાન અને લોકશાહી બચાવવા માટે લડશે. ખોટી વિગત સાથે ફોર્મ ૭ ભરીને વોટ ચોરી કરવાના પ્રયાસ સામે કાયદેસરની કાર્યવાહીની જોગવાઈ છે. ખોટી વિગત ધ્વારા ફોર્મ ૭ના વાંધા મૂકી વોટ ચોરીનો પ્રયાસ ઉપર એફઆઈઆર નોંધી જેલ ભેગા કરવા જોઈએ. ખોટી માહિતીના આધારે તપાસ્યા વગર કોઈ અધિકારી ધ્વારા ચોક્કસ પક્ષને લાભ અપાવવા ગેરરીતિ આચરે તો તેની સામે કાયદાકીય લડાઈ લડશું. ગેરકાયદેસર કામ કરશે તો અધિકારીઓ જેલના સળિયા પાછળ જવા તૈયાર રહે.

પૂર્વ સાંસદ અને પૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ ઠાકોરે પત્રકાર પરિષદમાં આક્રમક તેવરે વાત કરતા જણાવ્યું કે જે રીતે અંગ્રેજોએ દેશને હાયજેક કર્યો હતો તેમ હાલમાં કેટલીક શક્તિઓ દેશને વોટ ચોરીના ષડયંત્રથી હાયજેક કરવા માંગે છે. જેમ બંધારણ સમયે કેટલાક વર્ગ, સમૂહદાય કે લિંગને મતદાન અધિકારના મળે તેવા પ્રયત્ન હતા છતાં કોંગ્રેસે દેશના રાષ્ટ્રપતિ હોય કે છેવાડામાં વસનાર ગરીબ મજદૂર હોય તેમને સમાન મતનો અધિકાર આપ્યો તેને કોંગ્રેસ છીનવવા નહીં દે.

પૂર્વ સાંસદ ડો. એમીબેન યાજ્ઞિક પ્રેસ વાર્તામાં મતદાર જોગ અપીલ કરી હતી કે ડ્રાફ્ટ મતદારયાદીમાં તેમના નામની ચકાસણી કરીને કોઈએ વાંધો ઉપાડયો હોય તેની વિગત મેળવે. મતદાનનો અધિકાર છીનવવાનો પ્રયાસ કરનાર કોણ છે તે જાણવાનો હક્ક દરેક નાગરિકને છે. ખોટી રીતે મતદાન અધિકાર છીનવનાર વ્યક્તિઓ ઉપર મતદારોએ કાનૂની પગલાં લેવા જોઈએ.

### રાષ્ટ્રીય સહકારી શિક્ષણ કેન્દ્ર ખાતે

# અમરેલી : ડિપ્લોમાં કો–ઓપરેટીવની પરીક્ષામાં ગોપેશ ગજેરા અને સાગર મહેતા અગ્રેસર

## સમગ્ર જિલ્લાનું ગૌરવ વધારતી ઘટના

અમરેલી, તા. ૨૧

ભારતી રાષ્ટ્રીય સહકારી સંઘ ધ્વારા સંચાલિત રાષ્ટ્રીય સહકારી શિક્ષણ કેન્દ્ર ન્યુ દિલ્હી ખાતે અમરેલી જિલ્લા સહકારી સંઘના માધ્યમથી અમરેલી ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળીના સીઓ ગોપેશ ગજેરા અને અમરેલી જિલ્લા સહકારી સંઘના સી.ઈ.આઈ સાગર મહેતા ધ્વારા ડિપ્લોમા કો–ઓપરેટીવ એજયુકેશન અને ડેવલોપમેન્ટ (ડિપ્લોમા) કોર્ષમાં એડમિશન લીધું હતું. આ કોર્સમાં ભારત ભરના વિદ્યાર્થીઓ એડમિશન મેળવ્યા હતા. ત્યારે આ ત્રણ માસના કોર્સની ફાઈનલ પરીક્ષામાં અમરેલી ખેડૂત ઉત્પાદક





અને રૂપાંતર સહકારી મંડળીના સીઈઓ ગોપેશ ગજેરા ધ્વારા ૮૯% મેળવી પ્રથમ ક્રમ મેળવ્યો અને અમરેલી જિલ્લા સહકારી સંઘના સી.ઈ.આઈ સાગર મહેતા ૮૭% મેળવી ચોથો ક્રમ મેળવી બન્નેએ અમરેલી અને ગુજરાતનું ગૌરવ વધાર્યુ હતું.




આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસ
અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક "અમરેલી એક્સપ્રેસ"નું નિયમિત ડોર ટુ ડોર વેચાણ કરાવી શકે, સ્થાનિક સમાચારો મોકલી શકે અને જાહેરખબરનું કલેકશન કરી શકે તેવા વ્યકિતઓની સા.કુંડલા, દામનગર, નાગેશ્રી, ટીબી, ડુંગર, ડેડાણ, સહિતના નાના–મોટાગામોમાં નિમણુંક કરવાની હોય, જે કોઈ વ્યકિત "અમરેલી એક્સપ્રેસ" સાથે જોડાવવા ઉત્સુક હોય તેઓએ નીચેના સ્થળે / સમયે રૂબરૂ અથવા મોબાઈલથી સંપર્ક કરવા જણાવવામાં આવેલ છે.
એજન્ટ/પત્રકારની નિમણુંક કરવાની છે
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના
લવાજમની મુદ્દત
તા.૦૧/૦૧/૨૦૨૬
થી
તા.૩૧/૧૨/૨૦૨૬
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૬
સચોટ-સટીક સાતત્યસભર દૈનિક
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com




## અમરેલીમાં ૨ દિવસ પહેલા ૩૫ થી વધુને રખડુ શ્વાને બચકા ભર્યા બાદ વધુ એક ઘટના

# વડિયાનાં ઢુંઢીયા પીપરીયામાં હડકાયા બનેલ શ્વાને અનેકને દોડાવ્યા

**રખડુ શ્વાનનાં બચકાનો શિકાર બનેલને વડિયાનાં સરકારી દવાખાને ખસેડાયા**

**સ્થાનિક સરકારી દવાખાનામાં ઈન્જેક્શનનો અભાવ : ભોગ બનનારને અન્યત્ર રીફર કરાયા**

**ગામજનો રખડુ શ્વાનથી રક્ષણ મેળવવા હાથમાં લાકડી લઈને ફરતા જોવા મળ્યા**

**ટેક્નોલોજીનાં આધુનિક યુગમાં રખડુ શ્વાનની સમસ્યા દૂર થતી નથી**




અમરેલી, તા.૨૧
અમરેલી જિલ્લાનાં છેવાડાનાં તાલુકા એવા વડિયાનાં ઢુંઢીયા પીપળીયા ગામે રાત્રીથી હડકાયા બનેલા શ્વાનનો આતંક જોવા મળ્યો હતો.

જાણવા મળતી વિગતો મુજબ હડકાયા બનેલા શ્વાને રાત્રીનાં એક વૃધ્ધ મહિલાને શિકાર બનાવીને લોહી લુહાણ કર્યા હતા. ત્યારબાદ વ્હેલી સવારથી મહિલાઓ અને લોકોને શિકાર બનાવ્યા હતા. આ બાબતની જાણ સમગ્ર ગામમાં થતાં સરપંચ સહિતનાં લોકો આ શ્વાનને પકડવા તજવીજ હાથ ધરી હતી. તો ગામમાં ભયનો માહોલ હોવાના કારણે લોકો લાકડીઓ સાથે બજારોમાં નીકળતા જોવા મળ્યા હતા. આ હડકાયા શ્વાનના આતંકનો ભોગ બનનાર લોકોને સવારથી જ ૧૦૮માં વડિયા સરકારી હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અહી તાલુકા પ્લેસ પર રસી ના હોવાને કારણે તમામ ભોગ બનનાર લોકોને અમરેલી, જેતપુર અને જુનાગઢ રીફર થવા જણાવાયું હતું. હડકાયા શ્વાનનાં આતંકથી સમગ્ર ઢુંઢીયા પીપળીયા ગામમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો અને સમગ્ર વડિયા વિસ્તારમાં આ બાબતો ચર્ચાતી જોવા મળી હતી.

## તાલુકા પોલીસે રહેણાંક મકાનમાં ચેકિંગ હાથ ધરતા

# સાવરકુંડલાનાં જુની આંબરડી ગામે વાલજીભાઈ ભગવાનભાઈ ચોડવડીયાનાં કબ્જામાંથી વિદેશી દારૂની ૧૧ બોટલ ઝડપાઈ

**રૂપિયા ૬૦,૫૦૦નાં મુદ્દામાલ કબ્જે કર્યો**

અમરેલી, તા.૨૧
સાવરકુંડલાનાં જુની આંબરડી ગામે તાલુકા પોલીસે રહેણાંક મકાનમાં ચેકિંગ હાથ ધરીને વાલજીભાઈ ભગવાનભાઈ ચોરવડીયાનાં મકાનમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૧ બોટલ કિંમત રૂપિયા ૬૦,૫૦૦નાં મુદ્દામાલ

અનુસંધાન પાના ૬ ઉપર

## કાગવડ મુકામે મળેલ સંગઠન કન્વીનર મીટ–૨૦૨૬ દરમિયાન

# અમરેલી ઝોનનાં ખોડલધામનાં અધ્યક્ષ તરીકે પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉંઘાડની નિમણૂંક કરાઈ

**જિલ્લા ખોડલધામ ટ્રસ્ટનાં આગેવાનો દ્વારા આવકાર**



અમરેલી, તા. ૨૧
વડિયા આજરોજ કાગવડ મુકામે માં ખોડિયારની પ્રાણ પ્રતિષ્ઠાના ૯માં પાટોત્સવ પ્રસંગે ખોડલધામ સંગઠન કન્વીનર મીટ–૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવેલ. જેમાં ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલે ખોડલધામ સંગઠનના અધ્યક્ષ તરીકે શ્રીમતી અનારબેન પટેલ અને ખોડલધામના ૧૧ ઝોન પૈકી અમરેલી ઝોનના ઝોન અધ્યક્ષ તરીકે ગુજરાત સરકારના પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંધાડની નિમણુંક કરવામાં આવેલ છે.

આ નિમણૂંકને અમરેલી જિલ્લા ખોડલધામ ટ્રસ્ટમાં એવા વસંતભાલ મોવલીયા, પ્રેમજીભાઈ ડોબરીયા, મનીષભાઈ માંગરોળીયા, ભુપતભાઈ ભુવા, દેવચંદભાઈ કપોપરા, યોગેશભાઈ ફધાત તથા મનસુખભાઈ ઉંધાડ તથા ખોડલધામ સમાધાન પંચના અધ્યક્ષ મનુભાઈ દેસાઈ તથા અમરેલી જિલ્લા ખોડલ ધામ મહિલા સમિતિના કન્વીનર શ્રીમતી સરલાબેન ગજેરા તેમજ સમગ્ર અમરેલી જિલ્લાના તાલુકા કન્વીરની ગણપતભાઈ સેંજલીયા, અમરેલી મુકેશભાઈ લીંબાસીયા, અમરેલી શહેર ડો. કુંભાણી, લીલીયા અશોકભાઈ ભાદાણી, લાઠી બટુકભાઈ શિઘાણી, દામનગર શંભુભાઈ પાંચાણી, બાબરા અરવિંદભાઈ ડોબરીયા, કુંકાવાવ

અનુસંધાન પાના ૬ ઉપર



















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)